RNI No.: GUJGUJ/2014/59295
www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 7 * Issue No. 277* Date: 03.08.2021 Tuesday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ૨૧મી સદીનુ ભારત ટેકનોલોજીથી આગળ વધી રહ્યું છેઃ મોદી

# વડાપ્રધાન મોદીએ ડિજિટલ પેમેન્ટ પ્લેટફોર્મ ઇ-રૂપી લોન્ચ કર્યું






ન્યુ દિલ્હી,તા.૨

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે ડિજિટલ પેમેન્ટ સોલ્યુશન ઈ-રૂપી શરૂ કર્યું. વડાપ્રધાન મોદીએ સોમવારના દિવસે વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા તેને લોન્ચ કર્યું. ઈ-રૂપિયો એ નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા દ્વારા વિકસિત પ્રીપેડ ઈ-વાઉચર છે. તેના દ્વારા કેશલેસ અને કોન્ટેક્ટલેસ પેમેન્ટ થશે. ઈ-રૂપી એક ક્યૂઆર કોડ અથવા એસએમએસ સ્ટ્રિંગ આધારિત ઈ-વાઉચર છે, જે લાભાર્થીના મોબાઈલ પર પહોંચાડવામાં આવે છે. આ એક વખતની ચુકવણી પદ્ધતિના વપરાશકર્તાઓ કાર્ડ, ડિજિટલ પેમેન્ટ એપ અથવા ઈન્ટરનેટ બેક્િંગને એક્સેસ કર્યા વિના સર્વિસ પ્રોવાઈડર પર વાઉચર રિડીમ કરી શકશે.

ઈ-રૂપિયા લોન્ચ કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે, હાલમાં તેને માત્ર સ્વાસ્થ્ય સેવાઓ સાથે જોડવામાં આવી રહ્યું છે. હવે જો કોઈ વ્યક્તિ ચૂકવણી કરીને રસીકરણ કરાવવા ઈચ્છે છે, તો તેને ઈ-રૂપિયા દ્વારા કેશલેસ અને કોન્ટેક્ટલેસ ટ્રાન્ઝેક્શનની સુવિધા મળશે. બાદમાં તેનો ઉપયોગ અન્ય આરોગ્ય સેવાઓ માટે ચૂકવણી કરવા માટે પણ થઈ શકે છે. તેમણે કહ્યું કે દેશમાં ડિજિટલ પેમેન્ટના કારણે ભ્રષ્ટાચારને કાબૂમાં લેવામાં આવ્યો છે. આ સાથે, લાભાર્થીઓને કોઈપણ મુશ્કેલી વિના યોજનાઓનો લાભ મળ્યો છે.

ઈ-રૂપિયા લોન્ચ કર્યા બાદ પીએમ મોદીએ કહ્યું કે, હાલમાં તેને માત્ર સ્વાસ્થ્ય સેવાઓ સાથે જોડવામાં આવી રહ્યું છે. હવે જો કોઈ વ્યક્તિ ચૂકવણી કરીને રસીકરણ કરાવવા ઈચ્છે છે, તો તેને ઈ-રૂપિયા દ્વારા કેશલેસ અને કોન્ટેક્ટલેસ ટ્રાન્ઝેક્શનની સુવિધા મળશે. બાદમાં તેનો ઉપયોગ અન્ય આરોગ્ય સેવાઓ માટે ચૂકવણી કરવા માટે પણ થઈ શકે છે. તેમણે કહ્યું કે દેશમાં ડિજિટલ પેમેન્ટના કારણે ભ્રષ્ટાચારને કાબૂમાં લેવામાં આવ્યો છે. આ સાથે, લાભાર્થીઓને કોઈપણ મુશ્કેલી વિના યોજનાઓનો લાભ મળ્યો છે.

વડાપ્રધાન મોદીએ કહ્યું કે પહેલા આપણા દેશમાં કેટલાક લોકો કહેતા હતા કે ટેક્નોલોજી માત્ર અમીરો માટે છે, ભારત ગરીબ દેશ છે, તો ભારત માટે ટેકનોલોજીનો ઉપયોગ શું છે? જ્યારે અમારી સરકાર ટેકનોલોજીને મિશન બનાવવાની વાત કરતી હતી ત્યારે ઘણા રાજકારણીઓ, અમુક પ્રકારના નિષ્ણાતો તેના પર સવાલ ઉઠાવતા હતા. આજે દેશે તે લોકોની વિચારસરણીને નકારવાની સાથે તેમને ખોટા સાબિત કર્યા છે. આજે દેશની વિચારસરણી અલગ અને નવી છે. આજે આપણે ગરીબોની મદદ માટે ટેકનોલોજીને પ્રગતિના સાધન તરીકે જોઈ રહ્યા છીએ. ભારત આજે દુનિયાને બતાવી રહ્યું છે કે ટેકનોલોજી અપનાવવામાં અને તેની સાથે જોડાવામાં તેઓ કોઈથી પાછળ નથી. સર્વિસ ડિલિવરીમાં નવીનીકરણ, ટેકનોલોજીના ઉપયોગની વાત આવે ત્યારે ભારત પાસે વિશ્વના મોટા દેશો સાથે વૈશ્વિક નેતૃત્વ આપવાની ક્ષમતા છે.

પીએમ સ્વનિધિ યોજનાનો ઉલ્લેખ કરતા પીએમ મોદીએ કહ્યું કે, અમારી સરકારે પીએમ સ્વનિધિ યોજના શરૂ કરી. આજે દેશના નાના અને મોટા શહેરોમાં, આ યોજના હેઠળ ૨૩ લાખથી વધુ શેરી વિક્રેતાઓ અને વિક્રેતાઓને મદદ આપવામાં આવી છે. આ કોરોના સમયગાળામાં, તેમને લગભગ ૨૩૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.

ઉપરાંત, તેમણે કહ્યું કે, જુલાઈ ૨૦૨૧ દરમિયાન ૩૦૦ કરોડ રૂપિયાના વ્યવહારો UPI મારફતે કરવામાં આવ્યા છે. આ દરમિયાન, પીએમ મોદીએ કહ્યું કે ઈ-રૂપીનો ઉપયોગ વ્યક્તિગત રીતે અને હેતુઓ માટે કરવામાં આવ્યો છે. આ દરમિયાન તેમણે રૂપેય કાર્ડ અને કોવિન એપની સફળતા અંગે પણ ચર્ચા કરી હતી.

### ICMRના અભ્યાસમાં સામે આવ્યું

## કોવેક્સિન કોરોનાના ડેલ્ટા પ્લસ વેરિયન્ટ સામે પણ અસરકારક

ન્યુ દિલ્હી, તા.૨

દેશમાં કોરોના વિરુદ્ધ જંગ વચ્ચે એક મોટા અને સારા સમાચાર આવ્યા છે. ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચની સ્ટડીમાં સામે આવ્યું છે કે કોરોનાના ડેલ્ટા પ્લવ વેરિએન્ટ વિરુદ્ધ કોવૈક્સીન અસરકારક છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે ભારતમાં હાલના કોરોનાના ડેલ્ટા પ્લસ વેરિએન્ટ ખુબ ખતરનાક અને સંક્રામક છે. પરંતુ સરકારી પેનલ ઈન્સાકાગે સ્પષ્ટ કર્યુ કે ડેલ્ટાથી પેદા થયેલ ડેલ્ટા પ્લસ વેરિએન્ટના મુકાબલે ઓછો સંક્રામક હોઈ શકે છે. ઈન્સાકાગે તે પણ કહ્યું કે એવાઈ.૩ ને ડેલ્ટાના નવા ઉપ-સ્વરૂપના રૂપમાં ચિન્હિત કરવામાં આવ્યો છે. આ મ્યૂટેન્ટ વિશે હજુ કોઈ મહત્વપૂર્ણ જાણકારી નથી. પરંતુ તેના પર સતત નજર રાખવામાં આવી રહી છે. ડેલ્ટા વેરિએન્ટ અત્યાર સુધી ૮૫ દેશોમાં ફેલાય ચુક્યો છે.

કોવિડની આ લહેરની આશંકા વચ્ચે નિષ્ણાંતોએ ચેતવણી આપી છે કે ડેલ્ટા વેરિએન્ટથી સંક્રમણ વધી શકે છે. આ ચિકનપોક્સની જેમ સરળતાથી ફેલાય છે. ઈન્ડિયન જીક્રજિ-ર્ઝફ-૨ જીનોમિક કન્સોર્ટિયમના આંકડા અનુસાર મે, જૂન અને જુલાઈમાં દરેક ૧૦ કોવિડ-૧૯ કેસમાંથી લગભગ ૭ કેસ વધુ સંક્રામક ડેલ્ટા વેરિએન્ટના હતા.

આઈસીએમારની એક નિષ્ણાંત સમિતિએ તે વાતની ભલામણ કરી છે કે વેલ્લોર સ્થિત ક્રિશ્ચિયન મેડિકલ કોલેજને કોવિડની બે રસી કોવૈક્સીન અને કોવિશીલ્ડના મિશ્રણની ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી આપવામાં આવે. સત્તાવાર સૂત્રોએ આ જાણકારી આપી છે. સમિતિએ ભારત બાયોટેકને તેની કોવૈક્સીન અને તાલીમ-સ્તરની સંભવિત એડેનોવાયરલ ઈન્ટ્રાનાસલ રસી બીબીવી-૧૫૪ ની ક્રિયાપ્રતિક્રિયા પર અભ્યાસ કરવા માટે મંજૂરીની ભલામણ પણ કરી હતી. પરંતુ હૈદરાબાદ સ્થિત કંપનીને તેના અભ્યાસમાંથી 'મ્યુચ્યુઅલ વેરિએશન' શબ્દ દૂર કરવા અને મંજૂરી માટે સુધારેલ પ્રોટોકોલ રજૂ કરવા કહેવામાં આવ્યું છે.

### જોખમ યથાવત્ઃ એક્ટિવ કેસ ૪,૧૩,૭૧૮ને પાર

## દેશમાં સતત છઠ્ઠા દિવસે કોરોનાના ૪૦ હજારથી વધુ પોઝિટિવ કેસ

### છેલ્લા ૨૪ કલાકમાં દેશમાં ૪૨૨ના મોત નિપજ્યા, અત્યાર સુધી ૪૭,૨૨,૨૩,૬૩૯ કરોડથી વધુને વેક્સિન આપવામાં આવી

ન્યુ દિલ્હી,તા.૨

દેશમાં કોરોના કેસોમાં ઉછાળો આવ્યો છે. ભારતમાં સતત છઠ્ઠા દિવસે ૪૦ હજારથી વધારે કોરોના કેસ રેકોર્ડ થયા છે. કેરળમાં અનિયંત્રિત સ્થિતિના કારણે કેસોમાં વધારો થઈ રહ્યો છે અને ત્રીજી લહેરની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી સોમવારના જાહેર કરેલા આંકડાઓ પ્રમાણે છેલ્લા ૨૪ કલાકમાં ૪૦,૧૩૪ નવા કેસ સામે આવ્યા છે. તો આ દરમિયાન ૪૨૨ લોકોના મોત થયા છે.

આ સાથે જ આ દરમિયાન ૩૬,૯૪૬ લોકોએ કોવિડ-૧૯ સંક્રમણને માત આપી છે. તાજા આંકડાઓ પ્રમાણે દેશમાં અત્યારે ૪,૧૩,૭૧૮ એક્ટિવ કેસ છે, જ્યારે ૩,૦૮,૫૭,૪૬૭ લોકો આ સંક્રમણથી સાજા થયા થયા છે અને ૪,૨૪,૭૭૩ લોકોના કોવિડથી મોત થઈ ચૂક્યા છે. આ દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં એક્ટિવ કેસની સંખ્યા ૨૭૬૬ વધી છે. નવા આંકડાઓ બાદ દેશમાં કોરોના સંક્રમણના કુલ કેસ ૩,૧૬,૯૫,૯૫૮ થઈ ગયા છે. તો રસીકરણના મોરચે વાત કરીએ તો દેશભરમાં લોકોને કોવિડ-૧૯ના અત્યાર સુધી ૪૭,૨૨,૨૩,૬૩૯ કરોડથી વધારે ડોઝ આપવામાં આવ્યા છે, જેમાંથી છેલ્લા ૨૪ કલાકમાં ફક્ત ૧૭,૦૬,૫૯૮ ડોઝ આપવામાં આવ્યા છે.



કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે જણાવ્યું કે, રાજ્યો, કેન્દ્રશાસિત પ્રદેશો અને ખાનગી હૉસ્પિટલોની પાસે અત્યારે પણ કોરોના રસીના ૩ કરોડથી વધારે ડોઝ ઉપલબ્ધ છે. રાજ્યો તેમજ કેન્દ્રશાસિત પ્રદેશોને તમામ સ્ત્રોતોથી અત્યાર સુધી ૪૯,૪૯,૮૯,૫૫૦ ડોઝ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે, તથા તેમને અત્યારે વધુ ૮,૦૪,૨૨૦ ડોઝ મોકલવાની પ્રક્રિયા ચાલી રહી છે. આ સાથે જ આઈસીએમઆરએ જણાવ્યું કે, દેશમાં રવિવારના ૧૪,૨૮,૯૮૪ સેમ્પલ્સનું ટેસ્ટિંગ થયું. અત્યાર સુધી દેશમાં ૪૬,૯૬,૪૫,૪૯૪ની તપાસ થઈ ચૂકી છે. કેરળમાં કોવિડ-૧૯ના ૨૦,૭૨૮ નવા કેસ સામે આવ્યા છે, ત્યારબાદ કુલ સંક્રમિતોની સંખ્યા વધીને ૩૪,૧૧,૪૮૯ થઈ ગઈ છે અને ૫૬ દર્દીઓના મોત થયા બાદ મહામારીથી મરનારાઓની સંખ્યા વધીને ૧૬,૮૩૭ થઈ ગઈ છે. કેરળ સરકારે આની જાણકારી આપી. કેરળ સરકાર પ્રમાણે, આજે સતત છઠ્ઠો દિવસ છે જ્યારે કેરળમાં કોવિડ-૧૯ના ૨૦ હજારથી વધારે કેસ સામે આવ્યા છે. રાજ્યમાં ૨૭ જુલાઈથી અત્યાર સુધી સંક્રમણના ૧,૨૮,૩૭૩ કેસ સામે આવ્યા છે.

### આસામ સરકારના મંત્રી અશોક સિંઘનું નિવેદન

## એક ઈંચ જમીન નહીં આપીએ, જીવ આપીશું પરંતુ જમીન નહિ

ન્યુ દિલ્હી, તા.૨

આસામ અને મિઝોરમ વચ્ચે ચાલી રહેલા સરહદ વિવાદનો હજુ સંપૂર્ણપણે અંત નથી આવ્યો. આસામ સરકારમાં મંત્રી અશોક સિંઘલે સોમવારે આ મુદ્દે નિવેદન આપ્યું હતું. મંત્રીના કહેવા પ્રમાણે તેઓ પોતાની એક ઈંચ જમીન નહીં આપે, જાન આપી દેશે પરંતુ જમીન નહીં આપે. અશોક સિંઘલ કછાર વિસ્તારના ગાર્જિયન મંત્રી છે જે મિઝોરમને અડીને આવેલો છે અને તે વિસ્તારમાં જ સમગ્ર વિવાદ ચાલી રહ્યો છે. આસામ સરકારના મંત્રીએ જણાવ્યું કે, મિઝોરમે આ વાત સ્વીકારવી પડશે કે ગોળી તેમણે જ ચલાવી અને તેમાં જ અમારા પોલીસ કર્મચારીઓએ જીવ ગુમાવ્યો. મંત્રીએ સવાલ કર્યો હતો કે, શું મુખ્યમંત્રીની જાણ વગર જ પ્રશાસન ચાલી રહ્યું છે, શું મુખ્યમંત્રીને જાણ થયા વગર જ આસામના મુખ્યમંત્રી વિરૂદ્ધ એફઆઈઆર થઈ ગઈ.

મિઝોરમ સરકાર પર હુમલો કરતા મંત્રી અશોક સિંઘલે કહ્યું કે, સૌથી પહેલા મિઝોરમ સરકારે વાસ્તવિકતા સ્વીકારવી પડશે અને વાસ્તવિકતા એ છે કે, તેમણે હથિયારવિહોણા પોલીસ કર્મચારીઓ પર લાઈટ મશીન ગન વડે પહેલા ફાયરિંગ કર્યું. તેમાં ૬ પોલીસ કર્મચારી માર્યા ગયા અને એસપી ગંભીર રીતે ઘાયલ છે.

અશોક સિંઘલે જણાવ્યું કે, તેઓ આ મુદ્દે તપાસ કરાવે અને પોતાના પોલીસ અધિકારી વિરૂદ્ધ કાયદાકીય કાર્યવાહી કરે. વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે પગલા ભરાવા જોઈએ. આસામ સરકારના મંત્રી અશોક સિંઘલે જણાવ્યું કે, બ્લોકેજને લઈ આપવામાં આવી રહેલા નિવેદનોથી તેમની વિશ્વસનીયતા ઘટશે અને જનતામાં રોષ સર્જાશે. આસામ અને મિઝોરમની જનતા વચ્ચે અવિશ્વાસનું વાતાવરણ સર્જાશે જે બંને રાજ્ય માટે સારી વાત નથી. માટે મિઝોરમ સરકારે આવી અફવા ફેલાવવાથી દૂર રહેવું જોઈએ કે આસામ સરકારે કોઈ બ્લોકેજ શરૂ કર્યા છે.

## જમ્મુ-કાશ્મીરના બડગામમાં શંકાસ્પદ ટિફિન મળી આવતા દોડધામ

શ્રીનગર, તા.૨

જમ્મૂ-કશ્મીરના બડગામં જિલ્લામાં આવેલ માગમ વિસ્તારમાંથી આજે શંકાસ્પદ ટીફીન મળી આવ્યું જેના કારણે પોલીસ દોડતી થઈ ગઈ. ટીફીન મામલે જાણ થતાજ પોલીસે બોમ્બ સ્કોવડને જાણ હતી. અગાઉ પણ જમ્મૂ- રાજૌરી-પુંછ રાષ્ટ્રીય રાજમાર્ગ પરથી એક શંકાસ્પદ બેગ મળી આવી હતી. જેથી પોલીસે અને સેના હવે એલર્ટ મોડમાં આવી ગયા છે. થોડાક દિવસો પહેલા સૂત્રો દ્વારા એવી માહિતી સામે આવી હતી કે કાશ્મીરમાં ૫ ઓગસ્ટ અથવા તો ૧૫ ઓગસ્ટના રોજ મંદિરમાં હુમલો થવાની શક્યતા છે. જેના કારણે કાશ્મીર હાલમાં હાઈ એલર્ટ પર છે. ગતરોજ રાતે પણ એક ડ્રોન આર્મી કેમ્પની પાસે દેખવા મળ્યું હતું. પોલીસે તે ડ્રોન જોયુ હતુ પરંતુ તેના પર ગોળી ન ચલાવી. કારણકે તે ડ્રોન સીમાની બહાર ઉડી રહ્યા હતા. પરંતુ તે ડ્રોન દેખાયા બાદ પોલીસ અને સેના દ્વારા સુરક્ષા વધારી દેવામાં આવી છે.

અગાઉ શનિવારે પણ જમ્મૂ-કાશ્મીરના સાંબા જિલ્લામાં બે અલગ અલગ જગ્યાઓ પર ડ્રોન જોવા મળ્યા હતા. પોલીસનું કહેવું છે સ્થાનિકોએ તે ડ્રોનને જોયા હતા. જોકે બાદમાં તે ડ્રોન તુરંત પાકિસ્તાન તરફ રવાના થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે એક સપ્તાહ પહેલા સીમાવર્તી કનચક વિસ્તારમાં પાંચ કિલો આઈઈડી સાથે એક ડ્રોનને સેના દ્વારા નીચે પાડી દેવામાં આવ્યું હતું. જૂનમાં જમ્મૂ એરફોર્સ પર પણ ડ્રોન દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો.

### ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યાઃ૨૨

રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૮૨૪૯૨૨

ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુઃ ૦

રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા :૨૫

ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૮૧૪૫૯૯૫

ધાબાના લીકેજ કામના સ્પેશ્યાલિસ્ટ
સ્પેશીયલ ઓફર ૫ થી ૧૦ વર્ષની વોરંટી સાથે, એનાથી ભેજ અને લીકેજનું સંપૂર્ણ નાશ.
BM MAGIC WATERPROOFING
9624163945(M)
8690089211(W)
● માર્બલ પેસ્ટ દિવાલ અને સીલીંગને મજબૂત કરવાનું કેમિકલ છે. ● દિવાલ અને સીલીંગને લગાવ્યા બાદ માર્બલ જેવું દેખાય છે. ● માર્બલ પેસ્ટ કરાવ્યા પછી ભેજ આવતો નથી. ● દર વર્ષે કરાવવું પડતું નથી. ૫ થી ૧૦ વર્ષની વોરંટી આપીએ છીએ.
● માર્બલ પેસ્ટ ઘરમાં, ઓફિસમાં તેમ જ દુકાનમાં લગાડી આપવામાં આવશે. ● વરસાદના લીધે થતું ધાબાના લીકેજનું કામ ખાત્રી પૂર્વક કરી આપવામાં આવશે.
કલર કામ પણ ખાત્રી પૂર્વક કરી આપીએ છીએ.
ફક્ત એક જ ફોન કરો અમારો માણસ તમારે ત્યાં આવી જશે.
માર્બલ પેસ્ટ દરેક માર્બલ ડિઝાઈનમાં બનાવી આપીએ છીએ...

## તંત્રી સ્થાનેથી...

# ગ્લોબલ વોર્મિંગને કારણે ધરતી વિનાશ તરફ ધકેલાઈ જશે કે શું.....?

*ગ્લોબલ વોર્મિંગને કારણે ધરતી પોતાની અંદરની ઠંડક સાથે ફળદ્રુપતા ગુમાવતી જાય છે જેને કારણે વિનાશ સર્જાવાની સંભાવના વધી પડી છે..... અને આ માટે માનવજાત જવાબદાર છે.....! માનવજાત જે ડાળ પર બેઠી છે તેના પરજ કુહાડા મારી રહી છે. જ્યારે કે વિશ્વ હવામાન સંસ્થાના વિજ્ઞાનીઓએ આગાહી કરેલ છે કે વિશ્વનું ૨૦૨૫ વર્ષ સૌથી ગરમ સાબિત થશે. તો બીજી તરફ વર્લ્ડ મિટિયરોલોજીકલ ઓર્ગેનાઈઝેશને એક રિપોર્ટ દ્વારા ચેતવણી આપી છે કે આવનાર પાંચ વર્ષમાં પૃથ્વીનું તાપમાન ૪૦ ટકા જેટલું વધી શકે..... અને જો આવું થાય તો તેને નાથવાના થઈ રહેલા પ્રયાસો પર પાણી ફરી વળે. ગરમી વધવાને કારણે સમુદ્રના પાણી ગરમ થશે તેમજ બર્ફીલા પ્રદેશોનો બરફ ઓગળવાની ગતિ વધી જશે તેથી વિશ્વભરના દરિયાની જળ સપાટી વધશે અને તેના કારણે વિશ્વના અનેક દેશોની જમીન પર દરિયાના પાણી ફરી વળશે તેમજ કેટલાક દેશોનું અસ્તિત્વ નહીં રહે....! બીજી તરફ દરિયાના પાણી વધુ પ્રમાણમાં ગરમ થતા વાવાઝોડા ત્રાટકશે જે પૃથ્વી પરના દેશોને માટે નુકસાન દેહી બની રહેશે. ક્લાઈમેટ ચેઈન્જ સમગ્ર વિશ્વ માટે મોટો ખતરો બની ગયેલ છે. વિશ્વમાં ઘણા વર્ષોથી પૃથ્વીના વાતાવરણમાં થયેલા ફેરફારોને લઈને ચિંતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તે સાથે વિશ્વના દેશોની બેઠકો વરસો વરસ યુનો ખાતે યોજાતી રહે છે જેમાં ગ્લોબલ વોર્મિંગ બાબતે ચિંતા વ્યક્ત કરવામાં આવે છે અને કાર્બનનું પ્રમાણ ઘટાડવા દરેક દેશો ઠરાવ કરે છે. પરંતુ વિશ્વભરમાં અનેક ઉદ્યોગો કાર્બન છોડી રહ્યા છે તે ઘટાડવા માટેના પ્રયાસો સફળ રહ્યા નથી... તો જે તે દેશો વિકાસની દોડમાં કાર્બન શોષતા વૃક્ષોનું નિકંદન કાઢતા રહ્યા છે, કેટલાક દેશો કાર્બન શોષી ભરપૂર ઓક્સિજન આપતા જંગલોનો સફાયો કરતા રહ્યા છે.... પરંતુ કાર્બન શોષણ કરતાં વૃક્ષોનું વાવેતર કરવાથી દૂર રહ્યા છે અને તેનું કારણ છે સ્વાર્થ, લોભ અને નફાની લાલચ......!!*

*વિશ્વના દિવસો કાર્બન ઉત્સર્જન ઘટાડવા ચિંતા કરતા રહ્યા છે પરંતુ કેવી રીતે ઘટાડવું તેનો ઉકેલ શોધી શક્યા નથી કે પછી મળ્યો નથી.... જેના કારણે ઉદ્યોગોથી માંડીને ઘરમાં વપરાતા બળતણના વપરાશથી ઉત્પન થતો ધૂમાડો હવાને પ્રદૂષિત કરી રહ્યો છે. ટૂંકમાં ધરતીના તાપમાન વધારાને અટકાવવા વાતાવરણમાં કાર્બન ડાયોકસાઇડનું પ્રમાણ જોઇએ તેના કરતા તેમાં બે ત્રતિયાસ કાર્બન આપણે મેળવી ચૂક્યા છીએ. ક્લાયમેન્ટ ચેન્જ રોકવા વિશ્વભરના દેશો ગ્રીનહાઉસ ગેસોના ઉત્સર્જનમાં ઓછપ કરવાનુ પોતે નક્કી કરેલ પ્રમાણનું લક્ષ્યાંક પુરું કરી દે છતાં ઔદ્યોગિક ક્રાંતિ અગાઉના સ્તરથી પણ ત્રણેક ડીગ્રી સેલ્સિયસ વધી જશે. વૈજ્ઞાનિકોની ચેતવણી અનુસાર બે ડિગ્રી સેલ્સિયસ તાપમાન ઘટાડવા વિશ્વ સામે પડકાર ઊભો છે આવા સમયે વિશ્વના સુખી, સમૃધ્ધ રાષ્ટ્રો પર્યાવરણ કથળવાનો દોષનો ટોપલો ગરીબ દેશો પર ઢોળે છે પરંતુ આ સમૃધ્ધ દેશો પોતાના દેશના વાહનો અને ઉદ્યોગો દ્વારા ઓકાતા ઝેરી વાયુ પ્રદૂષણને રોકવા કોઈ કામ કરતા નથી કે પછી તેની દિશા નથી......! ત્યારે પૃથ્વીનું તાપમાન રોકવા દરેક દેશોએ યુદ્ધના ધોરણે જરૂરી આકરા ઉઠાવવા પડશે. નહીં તો..... પૃથ્વીનું તાપમાન રોકવાનું બેલગામ બની જશે જેના પરિણામે ધરતી વિનાશ તરફ ધકેલાઇ જશે.....!*

# પાટણના નવા શાકમાર્કેટ ખાતે ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાના અધ્યક્ષસ્થાને જિલ્લા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

રાજ્યના સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિત્તે રાજ્યભરમાં આયોજીત સંવેદના દિન અંતર્ગત પાટણના નવા શાકમાર્કેટ ખાતે ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાની ઉપસ્થિતમાં જિલ્લા કક્ષાનો સેવા સેતુ કાર્યક્રમ યોજાયો. જેમાં મુખ્યમંત્રીશ્રી બાળ સેવા યોજના, ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના તથા મા કાર્ડના લાભાર્થીઓને ગૃહ રાજ્ય મંત્રીશ્રીના હસ્તે શૈક્ષણિક કીટ તથા સહાય હુકમનું વિતરણ કરવામાં આવ્યું.

આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી તરીકે શપથ લીધા ત્યારે મારી સરકાર પારદર્શિતા, સંવેદનશીલતા, નિર્ણાયકતા અને પ્રગતિશીલતા એમ ચાર આધારસ્થંભ પર કામ કરશે તેવી નેમ વ્યક્ત કરી હતી. જેને સાર્થક કરતાં રાજ્ય સરકાર માનવીય અભિગમ દાખવી નાગરિકોની મુશ્કેલીના નિરાકરણ માટે કામ કરી રહી છે.

સેવા સેતુ કાર્યક્રમોના આયોજન સંદર્ભે ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, વિવિધ સહાયના ફોર્મ ભરવા માટે કચેરીઓના ધક્કા ન ખાવા પડે અને તંત્રના આટાપાટામાં હેરાન ન થવું પડે તે માટે સેવા સેતુ કાર્યક્રમો થકી જરૂરિયાતમંદોને સામેથી વિવિધ યોજનાઓના લાભ એક સાથે એક સ્થળે મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે.

રાજ્યના નાગરિકોની આરોગ્ય સુખાકારી હેતુ રાજ્ય સરકારની ભૂમિકા દર્શાવતાં શ્રી જાડેજાએ જણાવ્યું કે, મુખ્યમંત્રીશ્રી તથા નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં ગુજરાતમાં સંક્રમણ દર ઘટે, જરૂરી સારવાર સમયસર ઉપલબ્ધ બને તથા દવાઓ અને ઓક્સિજન પુરતા પ્રમાણમાં મળી રહે તે માટે રાજ્ય સરકારે રાત દિવસ કામ કર્યું છે. કોરોનાની પ્રથમ અને બીજી લહેરમાં અનેક લોકોના જીવ ગુમાવવાના નુકશાનને ત્રીજી લહેરમાં ઘટાડી શકાય તે માટે રાજ્ય સરકારે આવશ્યક દવાઓના જથ્થા, હોસ્પિટલ્સ, વેન્ટીલેટર્સ સહિતનું આગોતરૂ આયોજન કર્યું છે.

વધુમાં ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ જણાવ્યું કે, કોરોના મહામારી દરમ્યાન જે લોકોના જીવ બચાવી નથી શકાયા તેમના નિરાધાર બાળકો પ્રતિ સંવેદના દાખવી મુખ્યમંત્રીશ્રી દ્વારા બાળ સેવા યોજના તથા આફ્ટર કેર યોજનાનો અમલ કરી રાજ્ય સરકાર નોધારાનો આધાર બની છે.

વર્તમાન રાજ્ય સરકારની સફળતાનો શ્રેય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીને આપતાં ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ જણાવ્યું કે, દિલ્હી બેસીને પણ પ્રધાનમંત્રીશ્રીએ ગુજરાતની ચિંતા કરી છે. નર્મદા યોજનાથી લઈ સ્ટેચ્યુ ઑફ યુનિટી જેવા અનેક પ્રકલ્પો દ્વારા ગુજરાતને ગૌરવ અપાવ્યું છે. ઘરબાર છોડી પોતાનું જીવન ભારતમાતાના ચરણોમાં સમર્પિત કરનાર પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતને અગ્રીમ હરોળનું રાજ્ય બનાવ્યું અને મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નિતિનભાઈ પટેલ આ વિકાસયાત્રાને અવિરત રાખી રહ્યા છે.

રાજ્યનો આ વિકાસ કાયદો અને વ્યવસ્થાના સુચારૂ અમલને આભારી છે તેમ જણાવી ગૃહ રાજ્ય મંત્રીશ્રીએ ઉમેર્યું કે, વર્તમાન સરકાર દ્વારા ગૌવંશની હત્યા બદલ મૃત્યુદંડ, કોમી તોફાનો કરવા બદલ પાસા હેઠળ કાર્યવાહી, ધર્માંતરણ સામે રક્ષણ માટે લવ જેહાદ, ખોટા દસ્તાવેજોના આધારે ખેડૂતોની જમીન પચાવી પાડનારા તત્વો વિરૂદ્ધ લેન્ડ ગ્રેબિંગ એક્ટ સહિતના કાયદાઓના અમલીકરણ દ્વારા રાજ્યના નાગરિકો શાંતી, સલામતી અને સુરક્ષાનો અનુભવ કરી રહ્યા છે.

### બાળકીના પેટમાંથી ૪૦૦ ગ્રામનું અવિકસિત ભ્રુણ જટીલ સર્જરી દ્વારા દૂર કરાયુ

# ૫ લાખે એક બાળકમાં જોવા મળતી "ફિટ્સ ઈન ફિટુ" સર્જરી સળતાપૂર્વક પાર પાડતા સિવિલ હોસ્પિટલ બાળરોગ સર્જરી વિભાગના તબીબો

## પરિવારજનોએ ભાવવિભોર થઈ સિવિલ હોસ્પિટલ તબીબો અને રાજ્યના મુખ્યમંત્રીશ્રીનો શ્રેષ્ઠ સારવાર ઉપલબ્ધ કરાવવા બદલ આભાર માન્યો




દોઢ વર્ષની દીકરીને ત્રણ મહીનાથી પેટમાં ગાંઠની તકલીફથી પીડાતી જોઇ પિતા હર્ષિતભાઇ ચિંતાતુર રહેતા.એક દિવસ સોશિયલ મીડિયા પર ટ્વીટરમાં સર્ફીંગ કરી રહ્યા હતા ત્યારે સિવિલ હોસ્પિટલના ટ્વીટર હેન્ડલ પર તબીબો દ્વારા બાળકોની પણ વિવિધ પ્રકારની જટીલ સર્જરી કરવામાં આવતી હોવાની પોસ્ટ નજરે પડી. તેઓએ તરત જ તબીબને પોતાના બાળકીની પીડા વિશેની માહિતી આપતું ટ્વીટ કર્યું. સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષીએ પણ હર્ષિતભાઇના ટ્વીટના જવાબમાં દીકરીને હોસ્પિટલ લઇ આવવા કહ્યું...પછી જે થયુ તે ઘટના અવિસ્મરણીય બની ગઇ....

મધ્યપ્રદેશના નીમુચ જિલ્લામાં રહેતા હર્ષિતભાઇ જ્વેલરીના વ્યવસાય સાથે સંકળાયેલા છે. ૧૮ મહીનાની દીકરી વેદિકાના પેટમાં ગાંઠની તકલીફને લઇને મધ્યપ્રદેશની વિવિધ હોસ્પિટલમાં ધક્કા ખાઇ રહ્યા હતા. દીકરીનું પેટ અચાનક ફૂલી જવાથી તેણી અત્યંત વેદના સહન કરી રહી હતી. મધ્યપ્રદેશમાં વિવિધ રીપોર્ટસ કરાવતા દીકરીના ગર્ભમાં અવિકસીત ભ્રુણ હોવાનું નિદાન થયુ. આ ભ્રુણને દૂર કરવાની સર્જરી અત્યંત પડકારજનક અને જોખમી હોવાથી મધ્યપ્રદેશના તબીબો તૈયાર થયા નહીં. જેથી હર્ષિતભાઇની નિરાશામાં વધારો થયો.

તેવામાં અમદાવાદના નરોડા વિસ્તારમાં રહેતા તેમના સગાએ ટ્વીટરના માધ્યમથી સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગમાં આ પ્રકારની સર્જરી શક્ય હોવાનું જણાવતા તેમના પિતાએ સિવિલના તબીબનો ટ્વીટરના માધ્યમથી સપર્ક કર્યો અને સિવિલ હોસ્પિટલમાં દિકરી વેદીકાને લઇને આવી પહોંચ્યા.

સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના તબીબો દ્વારા વેદિકાનું સી.ટી. સ્કેન કરાવવામાં આવ્યું. જેમાં દોઢ વર્ષની વેદીકાના પેટમાં ૪૦૦ ગ્રામનું અવિકસિત ભ્રુણ હોવાનું તારણ કાઢ્યું.સિવિલ હોસ્પિટલના બાળરોગ સર્જરી વિભાગના વડા ડૉ. રાકેશ જોષી પાસે આ પ્રકારની અત્યંત જટિલ સર્જરી કરવાનો અનુભવ હોવાથી તેમણે પોતાની ટીમ સાથે સમગ્ર સર્જરી સફળતાપૂર્વક પાર પાડવાનું બીડુ ઉપાડ્યું.

બાળરોગ સર્જરી વિભાગના એસોશિએટ પ્રોફેસર ડૉ. જયશ્રી રામજી અને એન્સ્થેસિયા વિભાગના એસોસિએટ પ્રોફેસર ડૉ. તૃપ્તી શાહના સહયોગથી સમગ્ર સર્જરી ૩ કલાકની ભારે જહેમત બાદ સફળતાપૂર્વક પાર પાડીને આ ભ્રુણ દૂર કર્યું.

સર્જરીની વિગત આપતા ડૉ. રાકેશ જોષી કહે છે કે, ૧૮ મહીનાની બાળકીના પેટમાં અવિકસીત ગર્ભ હોવાની મારી ૨૦ વર્ષની તબીબી કારકિર્દીમાં ત્રીજી ઘટના જોવા મળી છે. વિશ્વમાં ૫ લાખ બાળકોએ એક બાળકમાં આ પ્રકારની અત્યંત જટીલ બીમારી થતી જોવા મળે છે. સર્જરી દરમિયાન ચોકસાઇ અને તકેદારી રાખવામાં ન આવે તો બાળકીની ધોરીનસ, જમણી કિડની, સ્વાદુપિંડ, યકૃત અને કિડનીના રક્ત સ્ત્રાવને નુકસાન પહોંચવાની સંભાવનાઓ પ્રબળ રહેલી હોય છે. આ તમામ બાબતોની સાવચેતી રાખીને સમગ્ર સર્જરી સફળાતાપૂર્વક પાર પાડવામાં આવી હતી.

વેદિકાને પીડામુક્ત જોઇ તેના પિતા હર્ષિતભાઇ ભાવવિભોર બન્યા હતા. તેઓએ મધ્યપ્રદેશથી ગુજરાત આવીને સમગ્ર સારવાર નિ:શુલ્ક ઉપલબ્ધ થવા બદલ અને સિવિલ હોસ્પિટલમાં શ્રેષ્ઠ સારવાર અને સુવિધા મળવા બદલ સિવિલ હોસ્પિટલના તબીબો અને રાજ્યના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલનો આભાર વ્યક્ત કર્યો હતો.હર્ષિતભાઇના સગાએ પણ મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલનો ટ્વીટરના માધ્યમથી આભાર વ્યક્ત કર્યો છે.

બાળકીમાં અવિકસીત ભ્રુણ કઇ રીતે બને છે?

આ પ્રકારના ભ્રુણના વિકાસ માટે પેરાસાયટિક ટ્રિવન અને ટેરેટોમેટ્સ એમ બે પ્રકારની થીયરી કામ કરે છે. વેદિકામાં જોવા મળેલું ભ્રુણ આ બંનેમાંથી કોઈપણ થીયરીના કારણે વિકસીત થયું હોવાની સંભાવના હતી. જેમાં ગર્ભની શરૂઆત થાય ત્યારે અંડકોષ ફલિત થયા બાદ બે ભાગમાં વહેચાયુ હશે તેમ માનવામાં આવે છે. જેમાંથી એક સામાન્ય બાળક અને બીજો અંડકોષ બાળકમાં સમાઇ જતા "ફિટ્સ ઈન ફિટુ" એટલે કે ગર્ભમાં ગર્ભ તરીકે વિકસે છે. તેમાં લોહીનો સપ્લાય જીવંત બાળકમાંથી મળે છે, અને મગજ, હ્રદય , ફેફસા જેવા અંગો હોય છે પરંતુ તે નિષ્ક્રીય રહે છે.

અમિતસિંહ ચૌહાણ

# કોટનમાં ૧૪,૧૨૫ ગાંસડીના વોલ્યુમ સાથે વાયદાના ભાવમાં ગાંસડીદીઠ રૂ.૭૦ની નરમાઈ

## સોના-ચાંદી, ક્રૂડ તેલમાં સાર્વત્રિક ઘટાડોઃ કપાસમાં સુધારાનો સંચારઃ સીપીઓ, મેન્થા તેલ, રબરના વાયદા ઢીલાઃ બુલડેક્સ ફ્યુચર્સમાં ૬૨ પોઈન્ટ અને મેટલડેક્સ ફ્યુચર્સમાં ૧૦૦ પોઈન્ટની મૂવમેન્ટ

મુંબઈ

દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૧,૧૮,૭૨૯ સોદાઓમાં કુલ રૂ.૯,૬૯૦.૧૩ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું. કીમતી ધાતુઓના સૂચકાંક બુલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૬૨ પોઈન્ટ અને બિનલોહ ધાતુઓના સૂચકાંક મેટલડેક્સના ઓગસ્ટ વાયદામાં ૧૦૦ પોઈન્ટની મૂવમેન્ટ રહી હતી.

કીમતી ધાતુઓમાં સોના-ચાંદીમાં ૪૩,૭૦૧ સોદાઓમાં કુલ રૂ.૨,૮૦૭.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં સોનું ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૪૭,૭૮૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૪૭,૯૦૮ અને નીચામાં રૂ.૪૭,૭૫૫ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૫ ઘટી રૂ.૪૭,૮૧૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૬૦ ઘટી રૂ.૩૮,૪૪૦ અને ગોલ્ડ-પેટલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૭ ઘટી રૂ.૪,૭૮૧ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સોનું-મિની ઓગસ્ટ વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૪૮,૦૯૪ના ભાવે ખૂલી, રૂ.૧૨૬ ઘટી રૂ.૪૭,૭૭૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી સપ્ટેમ્બર વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૭,૮૧૨ દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૮,૧૭૭ અને નીચામાં રૂ.૬૭,૬૩૪ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૮૬ ઘટી રૂ.૬૭,૭૬૧ બોલાઈ રહ્યો હતો. ચાંદી-માઈક્રો ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૮૨ ઘટી રૂ.૬૭,૯૭૬ અને ચાંદી-મિની ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૯૫ ઘટી રૂ.૬૭,૯૭૨ બોલાઈ રહ્યો હતો.

બિનલોહ ધાતુઓમાં ૧૧,૬૨૯ સોદાઓમાં રૂ.૨,૦૬૨.૪૩ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૧.૪૦ વધી રૂ.૨૦૮.૧૫ અને જસત ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧.૩૦ વધી રૂ.૨૪૯ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. આ સામે તાંબુ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૩.૧૫ વધી રૂ.૭૫૪.૮૫ અને નિકલ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૧૦. વધી રૂ.૧,૪૯૪.૧૦ તેમ જ સીસું ઓગસ્ટ કોન્ટ્રેક્ટ રૂ.૦.૯૦ વધી રૂ.૧૭૮ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો.

એનર્જી સેગમેન્ટમાં ૩૯,૯૭૭ સોદાઓમાં કુલ રૂ.૨,૭૭૫.૮૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ ઓગસ્ટ વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૫,૪૯૪ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫,૪૯૪ અને નીચામાં રૂ.૫,૪૦૭ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૯૫ ઘટી રૂ.૫,૪૨૨ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ ઓગસ્ટ વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૮.૭૦ વધી રૂ.૨૯૮.૭૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝમાં ૨,૮૩૫ સોદાઓમાં રૂ.૩૮૬.૨૯ કરોડનાં કામકાજ થયા હતા. કપાસ એપ્રિલ વાયદો ૨૦ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૧,૪૪૯ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૪૫૩.૫૦ અને નીચામાં રૂ.૧૪૪૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩.૫૦ વધી રૂ.૧,૪૪૬ બોલાઈ રહ્યો હતો. આ સામે રબર ઓગસ્ટ વાયદો ૧૦૦ કિલોદીઠ રૂ.૧૭,૩૫૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૭,૪૯૯ અને નીચામાં રૂ.૧૭,૩૫૦ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૬ ઘટી રૂ.૧૭,૪૨૫ના ભાવે ટ્રેડ થઈ રહ્યો હતો. સીપીઓ ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧૦ કિલોદીઠ રૂ.૧,૧૨૫.૨૦ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૧૧૩૦ અને નીચામાં રૂ.૧૧૦૩ સુધી જઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૩૨ ઘટી રૂ.૧૧૧૨.૯૦ બોલાઈ રહ્યો હતો. મેન્થા તેલના વાયદાઓમાં ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૭૦ ઘટી રૂ.૯૪૯.૬૦ અને કોટન ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ૧ ગાંસડીદીઠ રૂ.૭૦ ઘટી રૂ.૨૭,૪૦૦ બોલાઈ રહ્યો હતો.

કામકાજની દૃષ્ટિએ કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં ૧૦,૪૯૫ સોદાઓમાં રૂ.૧,૫૬૩.૨૭ કરોડનાં ૩,૨૬૩.૭૦૧ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં ૩૩,૨૦૬ સોદાઓમાં કુલ રૂ.૧,૨૪૪.૪૭ કરોડનાં ૧૮૨.૮૮૫ ટનના વેપાર થયા હતા. બિનલોહ ધાતુઓમાં એલ્યુમિનિયમના વાયદાઓમાં રૂ.૧૫૨.૨૫ કરોડનાં ૭,૩૧૫ ટન, જસતના વાયદાઓમાં રૂ.૨૮૬.૨૮ કરોડનાં ૧૧,૫૦૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૯૧૭.૮૬ કરોડનાં ૧૨,૧૬૨.૫૦૦ ટન, નિકલના વાયદાઓમાં રૂ.૬૧૩.૬૩ કરોડનાં ૪,૧૧૬૦ ટન અને સીસું કોન્ટ્રેક્ટ્સમાં રૂ.૯૨.૪૧ કરોડનાં ૫,૧૯૦ ટનનાં કામકાજ થયાં હતાં. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં ૧૦,૪૯૧ સોદાઓમાં રૂ.૮૬૬.૪૫ કરોડનાં ૧૫,૯૩,૩૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં ૨૯,૪૮૬ સોદાઓમાં રૂ.૧,૯૦૯.૪૨ કરોડનાં ૬,૪૨,૬૭,૫૦૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં કપાસના વાયદાઓમાં ૭ સોદાઓમાં રૂ.૦.૨૦ કરોડનાં ૨૮ ટન અને કોટનના વાયદાઓમાં ૩૮૭ સોદાઓમાં રૂ.૩૮.૭૯ કરોડનાં ૧૪૧૨૫ ગાંસડી, મેન્થા તેલના વાયદાઓમાં ૧૬૬ સોદાઓમાં રૂ.૮.૧૦ કરોડનાં ૮૪.૯૬ ટન, રબરના વાયદાઓમાં ૯ સોદાઓમાં રૂ.૦.૧૭ કરોડનાં ૧૦ ટનના વેપાર થયા હતા. સીપીઓના વાયદાઓમાં ૨,૨૬૬ સોદાઓમાં રૂ.૩૩૯.૦૩ કરોડનાં ૩૦,૪૫૦ ટનનાં કામકાજ થયાં હતાં. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે સોનાના વિવિધ વાયદાઓમાં ૧૫,૨૧૬.૩૫૮ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૫૦૪.૩૩૬ ટન, એલ્યુમિનિયમમાં ૧૭,૯૧૫ ટન, જસત વાયદામાં ૧૨,૪૫૫ ટન, તાંબુ કોન્ટ્રેક્ટ્સમાં ૧૧,૭૨૨.૫૦૦ ટન, નિકલ વાયદામાં ૩,૬૧૦.૫૦૦ ટન, સીસું કોન્ટ્રેક્ટ્સમાં ૭,૦૪૦ ટન, ક્રૂડ તેલમાં ૬,૦૭,૫૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૨,૦૫,૭૩,૭૫૦ એમએમબીટીયૂ તેમ જ કપાસમાં ૧૧૨ ટન, કોટનમાં ૧૪૩૮૫૦ ગાંસડી, મેન્થા તેલમાં ૪૧૦.૪ ટન, રબરમાં ૮૭ ટન, સીપીઓમાં ૬૪,૫૬૦ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, પ્રથમ સત્ર સુધીમાં ૧,૧૯૫ સોદાઓમાં રૂ.૯૯.૭૫ કરોડનાં કામકાજ થયાં હતાં, જેમાં બુલડેક્સ વાયદામાં ૬૩૭ સોદાઓમાં રૂ.૫૦.૬૭ કરોડનાં ૬૯૩ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૫૫૮ સોદાઓમાં રૂ.૪૯.૦૮ કરોડનાં ૬૧૩ લોટ્સના વેપાર થયા હતા. ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે બુલડેક્સ વાયદામાં ૧,૪૪૫ લોટ્સ અને મેટલડેક્સ વાયદામાં ૧,૪૨૩ લોટ્સના સ્તરે રહ્યો હતો. બુલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૪,૬૩૩ના સ્તરે ખૂલી, ઊપરમાં ૧૪,૬૫૯ અને નીચામાં ૧૪,૫૯૭ના સ્તરને સ્પર્શી, ૬૨ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૩૪ પોઈન્ટ ઘટી ૧૪,૬૧૪ના સ્તરે પહોંચ્યો હતો, જ્યારે મેટલડેક્સ ઓગસ્ટ વાયદો ૧૫,૯૬૧ના સ્તરે ખૂલી, ૧૦૦ પોઈન્ટની મૂવમેન્ટ સાથે ૮૦ પોઈન્ટ વધી ૧૬,૦૩૦ના સ્તરે પહોંચ્યો હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં ૧૯,૩૯૨ સોદાઓમાં રૂ.૧,૫૫૮.૦૫ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનાના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૭૪.૯૯ કરોડ, ચાંદી અને ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧૬.૯૦ કરોડ અને ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૧,૪૬૫.૯૭ કરોડનાં કામકાજ થયાં હતાં.

# માણાવદર તાલુકા કોંગ્રેસ સમિતિ દ્વારા બાંટવામા ભાજપ સરકારની નિષ્ફળતા સામે સૂત્રોચ્ચાર કરી રેલી કાઢવામાં આવી



આજરોજ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાંટવા ખાતે તથા પ્યાસા ચોક અને શિવાજી ચોક ખાતે એ.આઇ.સી.સી.મેમ્બર તથા જુનાગઢ જિલ્લા કોંગ્રેસ પ્રભારી ડો.શહેનાઝબેન બાબીના અધ્યક્ષ સ્થાને ભાજપ સરકારની શિક્ષણ, આરોગ્ય, મોંઘવારી, વિગેરે તમામ ક્ષેત્રે ભાજપની નિષ્ફળતાઓની હાલ વિજયભાઈ રૂપાણી ની સરકાર પાંચ વર્ષ પુરા થતા ની ઉજવણી કરી રહી છે

તે માટે સરકારે સરમ કરવી જોઈએ લોકો બેરોજગારી, મોંઘવારીથી ત્રસ્ત છે અને સરકાર તેની ઉજવણી ના તાયફાઓમા મસ્ત છે લોકશાહી જેવું કાંઇ રહ્યું નથી લોકો હેરાન પરેસાન છે છતાં સરકારને લોકોની પીડા થતી નથી ભાજપ લોકોને ભુલી ગય છે મોટાં મોટાં ટેક્ષથી લુંટવા સિવાય ભાજપ સરકારે કાંઇ કર્યું નથી ખાલી વાયદાઓ કરી પ્રજાની ક્રુર મજાક કરી રહીં છે આ તકે માણાવદર તાલુકા કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ લાડાણી, તાલુકા યુવા દળના પ્રમુખ ધર્મેન્દ્રભાઈ બોરખતરીયા માણાવદર શહેર કોંગ્રેસ પ્રમુખ વિજયભાઈ ઝાટકીયા, જિલ્લા કોંગ્રેસ ઉપ પ્રમુખ દિલીપભાઈ જસાણી, વૃન્દાવન રિપોર્ટ વાળા જીગ્નેશભાઈ છૈયા, બાંટવા શહેર કોંગ્રેસ પ્રમુખ અરવિંદભાઈ જુણાજીભાઈ રાઠોડ, ઉપ પ્રમુખ નારણભાઈ ચૌહાણ, રાણાભાઇ રબારી, બાંટવા યુવાદળના પ્રમુખ સુરેશભાઈ મીઠવાણી, પ્રકાશભાઈ લાલવાણી, પુંજાભાઈ રાઠોડ, અશ્વિનભાઈ નકુમ, જીતુભાઈ રાઠોડ વિગેરે કોંગ્રેસ આગેવાનો કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા તથા પ્યાસા ચોકથી શિવાજી ચોક તથા પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર બાંટવા ખાતે ભાજપ સરકાર નિષ્ફળતા બાબતે પ્લે કાર્ડ સાથે રેલી કાઢી નારેબાજી કરવામાં આવી હતી

તસવીર અહેવાલ -જીગ્નેશ પટેલ માણાવદર

ન્યૂઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ. આયોજક : પ્રદીપ રાવલ




**ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક આયોજિત સાહિત્ય સરિતા ગ્રુપ ની ૫ ગદ્ય રચનાઓ**

વિષય : અનરાધાર - મુશળધાર, ફોરા,છાંટા,કરાં,મેઘ , પાણીમેહ - હેલી,મેહુલિયો,વરસાદ" વિષયક રચનાઓ.(તા.૦૩-૮-૨૦૨૧) દિવસ - ૧ (પહેલો દિવસ)

**Jan fariyad & News of Gandhinagar daily**
**What's up calling No : 9824653073**
તંત્રી/સંચાલક : પ્રદીપ રાવલ
મેનેજિંગ તંત્રી : મીનાક્ષી રાવલ(ઈમેજ મેકર,ગ્રાફિક્સ)
પ્રતિભાવ : વિભૂતિબેન દેસાઈ.ઘાસવાલા.બીલીમોરા
website : www.janfariyadnews.com
What's up calling No : 9824653073
Email : prdpraval42@gmail.com
Email : prdpraval@yahoo.co.uk
YouTube : janfariyadnews
News portal : janfariyadnews
Twitter : @prdpraval

**NOG:SS:NO.:0101**

પ્રકાર : પદ્ય
વિષય: પાણીમેહ- હેલી
શીર્ષક: અષાઢની હેલી
કવિ: ભરત સાંગાણી

અષાઢની હેલીનો ઘેઘૂર નાદ,
રણઝણે સ્મૃતિ કેરો આહલાદ.
આનંદે ભીંજાયે મૂકી બધાં વાદ,
પલળતાં કરીએ વ્હાલાને સાદ.
ઊડે સુગંધકણ પડે વરસાદ,
અધર અધરનું મિલન યાદ.
નયન અટારીએથી સર્યું બૂંદ,
હળવે તર્જનીએ ઊંચક્યું બૂંદ.
હેતના હિલોળા ઊમટ્યાનો નાદ,
તરબતર સ્નેહે બાંધ્યો સંવાદ.

( રચના : ભરત સાંગાણી )

**NOG:SS:NO.:0032**

પ્રકાર : પદ્ય
વિષય: અનરાધાર, મુશળધાર,મેહુલો
શીર્ષક:મેહુલિયા

આજ આવ્યો છે મેહુલિયા તું,
મન ભરીને આજ રોકાઈ જાજે.
હવે તને પાછું વળવું નહીં પરવડે,
આજ રાતભર અહીંયા રોકાઈ જાજે.
આજ આવ્યો છે મેહુલિયા તું..
આજ રાતભર અહીંયા રોકાઈ જાજે તું.
ભૂખ્યાની ભૂખ તું ભાંગજે મેહુલિયા,
તરસ્યાની તરસ તું છીપાવજે મેહુલિયા.
તારી જરુર છે આખા જગતને,
તું મન મૂકીને આજ વરસી જાજે.
આજ આવ્યો છે મેહુલિયા તું..
આજ રાતભર અહીંયા રોકાઈ જાજે તું.
તારી નહોતી કોઇ ખત કે નહોતી ખબર,
ઓચિંતો આવીને વરસ્યો અનરાધાર.
તુંતો આવ્યો છે બનીને મહેમાન,
આજ વાળું પાણી કરજે મારે ઘેર.
આજ આવ્યો છે મેહુલિયા તું..
આજ રાતભર અહીંયા રોકાઈ જાજે તું.

મીના માંગરોલીયા મીનુ,અમદાવાદ

---

**NOG. SS . NO - 0099**

વિષય: છાંટે, મુશળધાર, સાંબેલાધારે
શીર્ષક : વરસ તું ચોધારે

કદી વરસે રે છાંટે, કદી સાંબેલાધારે,
નદી-નાળાઓ છલકે, વહે છે બંને ધારે,
વર્ષાને સુંદર તરુઓ, પહાડો આવકારે.
જો જળ ન વરસે, પાકે નહીં ધાન્ય આ જગમાં,
જો જીવો તરસે, ફરકે નહીં લોહી આ રગમાં.
આ લોકને પોષનારી, વરસ તું ચોધારે.
હરખમાં ક્રીડા પંખીઓ ને બાળકો કરશે,
ખેડૂતો હોંશે ખેતરે જઈ વાવણી કરશે.
વર્ષા તું કામણગારી, વરસ તું ચોધારે.

ભાવના મિસ્ત્રી. 'અભય'.(વલસાડ)

---

**NOG SS No : 0078**

પ્રકાર - પદ્ય
શીર્ષક - લાગણીઓમાં વરસાદ

જમીન પરના જળનું બાષ્પીભવન થવું
અને હવાના કણો ભળી વાદળાઓનું બનવું
મહિનાઓ પછી વાદળોનું આકાશમાં છવાવું
અને મનનું એ વાતાવરણમાં ખુશ થવું
વરસાદના ટીપાઓનું વરસવું, માટીનું મહેકવું
અને મહિનાઓથી સૂકી ધરાનું તૃપ્ત થવું,
તિરાડો પડી ગઈ હોય તેવી જમીનનું
પાણી અને ભેજથી ભરાવું અને સંધાવું
મોરનું ટહેકવું, પવનનું ટહેલવું, વીજળીનું ચમકવું
અને ખુશનુમા થઈ માનવોનું બહેકવું,
પાકનું લહેલહાવું,ખેડૂતોનું આનંદિત થવું
અને અન્નદેવતાનું પણ ખુશ થવું...
તેવો જ લાગણીઓમાં વરસાદ -
સંબંધોમાંથી લાગણીઓનું બાષ્પીભવન થવું
નકારાત્મકતા ભળી ગેરસમજણના અને
અહંકારના વાદળાઓનું બનવું.
અને તેનું મનના આકાશમાં છવાયેલા રહેવું
ને હૃદયનું દુ:ખી થતા રહેવું
આંખમાંથી અજાણતા જ આંસુઓનું વરસવું
આંખની પાંપણોનું ભીનું થવું છતાં -
હૃદયની ધરાનું કોરું રહેવું પણ જો...
આ ગેરસમજણ અને અહંકારના વાદળા
કોઈ વીજળીના ચમકારાથી તૂટી જાય તો...
સંબંધોની તિરાડો પર લાગણીની ભીનાશ ફરી
વળે , જેમ સૂકી તિરાડવાળી જમીન પર વરસાદ
વરસે - અને પછી જે ખુશીઓનો વરસાદ થાય કે
બસ... એટલું હસવું આવે કે રડી પડાય;
અને રડતાં રડતાં જ હસી પડાય;
એવામાં ઉપરથી ભગવાનના આશીર્વાદ સમ
ધોધમાર વરસાદ પડે તો...??
બસ, આવો જ વરસાદ આ વર્ષે બધાના જીવનમાં
અને સંબંધોમાં આવે...

- શ્વેતા તલાટી

---

**NOG SS No ; 0077**

વિભાગ:પદ્ય મૌલિક
વિષય: ચોમાસાની ઋતુને લગતો વિષય
શીર્ષક: વાદળ શ્રીકાર બની વરસો

વાદળોની તો વાત
જ નિરાળી,
કદીક કાળા,
કદીક સફેદ,
કદીક આસમાની, કદીક નીલા,
કદીક ભુરા,
કદીક વાદળી...!
રંગબેરંગી ને
રંગ ભરી
વાદળી...!
રંગો ભરીને
છવાય આકાશે,
એજ પાછું
પાણી બની
વરસે ચોમાસે...!
વાદળો દેતા
આકાશને રંગ
કે આકાશ વગર કદાચ વાદળ
બેરંગ...?
ના..ના..!
એ બંન્ને એકબીજાને
સંગ સંગ,
એટલે જ,
એમના પ્રતિબિંબે દરિયો દેખાય
સતરંગ...!
વાદળ ને આકાશની
ગજબની દોસ્તી,
પોતાના આકાર મેળવવા વાદળ
કરતાં ય કુસ્તી...!
જીતતા તો બનતાં નિતનવા આકાર
આકાશે,
એ આકારો
જોઈને બાળપણ
પણ હરખાશે...!
ભેંકાર આકાશમાં
રંગ ભરતાં વાદળ,
રૂના પોલવા સમ જાણે આંજી
સફેદ કાજળ...!
દરીયાનાં ફીણ
જાણે ઉઠ્યાં
આકાશે,
એટલે તો પંખીઓ
ઉડતાં રહેતા જાણે
તરવા આકાશે...!
વાદળી રંગે રંગાયેલ વાદળા તું હવે તો
ધોધમાર વરસ,
પરસેવો પાડતાં ખેડૂતનું તું ના બગાડ
હવે વરસ..!
હેલી ના કર તો કંઈ નઈ, પણ જરા,
હોલે હોલે તો વરસ..!
અલ્યા મેહુલિયા...
તને તારા જ સમ..!
બગાડ ના વરસ,
હવે તો વરસ...!!!
બહું થયું,
થાક્યાં હવે.
એક તો માથે હાહાકાર કરતો કોરોના,
ઉપરથી બફારા,
પરસેવાના મુંઝારા...!
શું કરવું ?
ક્યાં જવું?
અલ્યા, માણસ છીએ.
જરાક તો કર દરકાર...!
હે પ્રભુ ,
હવે તો શ્રીકાર બની વરસો ,
ના રહે કોઈ માણસ તરસ્યો..!
બે હાથ જોડીને વિનવીએ,
કાયમની જેમ યજ્ઞવેદી
પણ તૈયાર કરીએ,
હવનમાં આહુતિએ કરીએ..!
તો જ તું માનીશ...?!
તો,ચાલ થઈ જા તૈયાર.
સામ,દામ,દંડ ,ભેદ બધું અપનાવીશું,
તને વરસવા માટે મનાવીશું...!
આવવું જ પડશે તારે, અમારા દ્વારે,
ને અમારા આરે...!
કરવાં સહુને તરબતર,
કર હવે એટલી રહેમનજર...!
કર ધરતીને જરા રસાતળ,
લાવ માણસાઈના ય ઊંચા તળ..!
હે વાદળ, હવે તો શ્રીકાર બની વરસ,
છીપાવ સહુની તરસ..!

ઋતંભરા વિશ્વજીત ,ઋત્વિશ્વ




ગાંધીનગર...ગુજરાત ની રાજધાની ની ૫૭ મી વર્ષ ગાંઠ નિમિત્તે સૌ નગરવાસી ઓ,પાટનગર ને રાજકીય.વ્યવસાઈક, કલા.સંસ્કૃતિ,પ્રકૃતિ,દેશ વિદેશ માં વિશેષ ઓળખ આપનાર સૌ પાયાના વડીલ.માટે .ભાઈઓ.બહેનો.બાળકો ને સૌને આજના દીને ખૂબ ખૂબ શુભેચ્છાઓ...પાટનગર વાસી ના ભાવી વંશજો.મોટેભાગે પાટનગર છોડી દેશ વિદેશ આંતર રાજ્યો માં વસી રહ્યા છે..એકમમત્ર નિવૃત્તિ ના સ્વ ગૃહે વૃદ્ધાશ્રમ જેવું આ ગાંધીનગર બની ના રહે અને સદા આધુનિક સમય માં.પણ ગુંજતું રહે તેવા પ્રયત્નશીલ રહેવા હું પાટનગર ના એક પોતીકા કહી શકાય તેવા જન ફરિયાદ સાપ્તાહિક (૧૯૯૬) ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક (૨૦૧૪)તંત્રી તરીકે વિનંતી કરું છું ..પાટનગર ના જે સ્વજનો કોરોના કાળ,કુદરતી,અકસ્માતે ને આપણે ગુમાવ્યા છે તે.ને પણ યાદ કરી શ્રધ્ધાંજલી અર્પિત કરું છું.રાજકીય,સામાજિક કે વ્યવસાઈક....માણસ માણસ બને અને માણસાઈ ભૂલે નહીં તેમજ સ્વ પરિવાર સ્વાર્થે માનવતા નેવે મૂકી ના દે અને પરસ્પર માનવતા ના દર્શન કરે અને કરાવે તેવી સદબુદ્ધિ સ્વજનો ને આપવા મહાદેવ ને પ્રાર્થના પણ કરું છું.જૂના ગાંધીનગર અને નવા વસી રહેલા ગાંધીનગર ના ધર્મ.સંસ્કૃતિ ના આસ્થા કેન્દ્રો જેવા મંદિરો ના દેવી દેવતાઓ ને ાાાાા નત મસ્તક નમન કરું છું..

Happy Birthday to Gandhinagar.....

## 'એક વ્યક્તિને લાભ મળવાથી આખો પરિવાર સમૃદ્ધ બને છે સાણંદ ધારાસભ્ય શ્રી કનુભાઇ પટેલ

પાંચ વર્ષ આપણી સરકારના,સૌના સાથ,સૌના વિકાસના હેઠળ આજરોજ સંવેદના દિવસના ભાગરૂપે અમદાવાદ જીલ્લાના સાણંદ ખાતે સેવા સેતુ યોજીને ૫૭ જેટલી સરકારી યોજનાઓ અને સેવાઓનો ઘર આંગણે લોકોને લાભ આપવાનું આયોજન જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરવામાં આવ્યું.

સાણંદ ધારાસભ્ય શ્રી કનુભાઇ પટેલે પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે રાજય સરકારે સેવા સેતુ થકી છેવાડાના નાગરિકો સુધી રાજય સરકારની સહાયનો લાભ આપ્યો છે. રાજય સરકાર દ્વારા શરૂ કરવામાં આવેલ આ એક સામાજિક પહેલ છે,જેમાં રાજય સરકારના તમામ વિભાગોની અનેક યોજનાઓનો લાભ મળવાના બાકી હોય અથવા વિલંબ થતો હોય તો તેમને ઘરઆંગણે કે નજીકના વિસ્તારમાં એક જ સ્થળેથી લાભ મળી રહે છે. સ્થળ પર જ લોકોના પ્રશ્નોને ઉકેલી પરિવર્તન લાવવા માટે રાજ્ય સરકાર સંકલ્પબદ્ધ છે.×

×આપણા જન્મથી મૃત્યુ સુધી રાજય સરકારની અનેક યોજનાઓ છે, દરેક યોજનાઓમા સરકાર આપણી સતત ચિંતા કરે છે તેમ જણાવીને શ્રી કનુભાઈએ વધુમાં જણાવ્યું હતું કે સાણંદ તાલુકામા જરૂરિયાતમંદ અનેક લોકો વિવિધ પ્રકારની યોજનાથી લાભાન્વિત થયા છે તેથી વધુમાં વધુ લોકો દરેક લાભ લે તેવી અપીલ કરી હતી. આ પ્રસંગે સિંચાઇ વિભાગના સહાયક ઈજનેર શ્રી સી.જી.વાઘેલા, નગરપાલિકા ચીફ ઓફિસર શ્રીમતિ બીજલબેન સોલંકી, નગરપાલિકા પ્રમુખ શ્રીમતિ નેહલબેન શાહ, ઉપપ્રમુખશ્રી જયેશભાઈ પટેલ સ્થાનિક આગેવાનો અને પદાધિકારીઓ અધિકારીઓ અને નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

મનીષા પ્રધાન

## કાયદો અને વ્યવસ્થા વિભાગની ધુરા સંભાળતા ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાનો સંવેદનશીલ અભિગમ

પાટણ શાકમાર્કેટ ખાતે યોજાયેલા સેવા સેતુ કાર્યક્રમમાં ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજાએ બાળકો પ્રતિ સંવેદનશીલતાની પ્રતિતિ કરાવી હતી. સેવા સેતુ કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ શહેરના નવા સર્કિટ હાઉસ ખાતે કાયદો અને વ્યવસ્થા વિભાગની ધુરા સંભાળી રહેલા ગૃહ રાજય મંત્રીશ્રીએ સંવેદનાસભર અભિગમ દાખવતાં કોરોનાકાળમાં નિરાધાર બનેલા બાળકો સાથે મુલાકાત કરી તેમની સાથે ભોજન લીધું હતું. રાજ્યના મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીના જન્મદિવસ નિમિત્તે સંવેદના દિન અંતર્ગત ગૃહ રાજ્યમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા પાટણ ખાતે જિલ્લા કક્ષાના સેવા સેતુ કાર્યક્રમમાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની પૂર્ણાહૂતિ બાદ શ્રી જાડેજાએ કોરોના વાયરસ મહામારીમાં માતા-પિતા ગુમાવનાર બાળકો સાથે મુલાકાત કરી હતી. શહેરના નવા સર્કિટ હાઉસ ખાતે છત્રછાયા ગુમાવનાર આ બાળકો પ્રતિ સંવેદના દાખવી તેમની સાથે ભોજન લીધું હતું. આ નિરાધાર બાળકો સાથેની મુલાકાત દરમ્યાન ગૃહ રાજ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, તમારે કોઈપણ પ્રકારની ચિંતા કરવાની જરૂર નથી. આ મહામારીના કારણે તમે જે ગુમાવ્યું છે તે બદલ તમારા અનાજ, અભ્યાસ અને વિદેશ અભ્યાસ માટે લોન સહિતની જરૂરિયાતોની રાજ્ય સરકાર ચિંતા કરી રહી છે. તમને થયેલા નુકશાનની ભરપાઈ માટે સરકાર કૃતનિશ્ચયી છે.




### આચાર્ય લોકેશજીને "વિશ્વ રાજઋષિ" તરીકે સન્માનિત કરાયા.

# રાજ્યપાલ, કેન્દ્રીયમંત્રી, વિભિન્ન જૈન આચાર્ય, ધર્મગુરુઓએ લોકેશજી આચાર્યનાં સન્માન સમારોહમાં હાજરી આપી

શાંતિદૂત આચાર્ય ડૉ. લોકેશજીને ષષ્ઠીપૂર્તિ વર્ષ અંતર્ગત આયોજિત વિશેષ સમારોહમાં "વિશ્વ રાજઋષિ" તરીકેનું સન્માન મળ્યું હતું. આ સમારોહનું આયોજન નવગ્રહ તીર્થ કર્ણાટક અને અખિલ ભારતીય જૈન સમાજ દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં સંસ્કૃતિ અને સંરક્ષણ પ્રત્યે સંતોનાં યોગદાન વિષયે રાષ્ટ્રીય સંગોષ્ઠીમાં છતીસગઢનાં રાજ્યપાલ અનુસુયા ઉઈકે, કેન્દ્રીય મંત્રીશ્રી પ્રહલાદ જોશી, કેન્દ્રીય કૃષિ રાજ્યમંત્રીશ્રી કૈલાશ ચૌધરી, વરિષ્ઠ નાગરિક કેસરી ક્લબનાં ચેયર પર્સન શ્રીમતી કિરણ ચોપડા, આચાર્ય ગુણધરનંદીજી, જીતો જીયોનાં સંસ્થાપક ગનીવર્ય નયપદ્મસાગરજી, આચાર્ય પુલકસાગરજી, આચાર્ય ગુપ્તીનંદીજી, રાષ્ટ્રીય સંત લલીતપ્રભજી ચંદ્રપ્રભજી, હિંદુ ધર્માચાર્ય સ્વામી દીપાંકરજી, સ્વામી અભયદાસજી, સમાજ રત્ન શ્રી સુભાષ ઓસવાલજી તેમજ અનેક મહાનુભાવો, સાધુ સંતોએ હાજરી આપીને આચાર્ય લોકેશજીનાં મંગલની કામના કરી હતી. આ અવસર પર અખિલ ભારતીય જૈન સમાજ નવગૃહ તીર્થ અને રાષ્ટ્રીય સંઘ ગુણધર નંદજીનાં પ્રતિનિધિ રૂપે શ્રી મણીન્દ્ર જૈનજીએ આચાર્ય લોકેશજીને દિલ્હી આશ્રમમાં ઉપસ્થિત રહીને "વિશ્વ રાજઋષિ"ની ઉપાધિ ધરાવતું પ્રશસ્તિ પત્ર, શાલ અને પ્રતિક ચિહ્ન ભેટ આપ્યું હતું. છતીસગઢનાં રાજયપાલ અનુસુયા ઉઈકેજીએ પોતાનાં નિવેદનમાં જણાવ્યું કે આચાર્ય લોકેશજીએ પ્રકૃતિ અને સંસ્કૃતિ સંરક્ષણ તથા સમાજમાં એકતા પ્રગટ કરવાનાં સંદેશનો સમગ્ર વિશ્વમાં પ્રચાર કર્યો છે. કેન્દ્રીય મંત્રીશ્રી પ્રહલાદ જોશીએ તેમનાં વક્તવ્યમાં જણાવ્યું કે આચાર્ય લોકેશજી માનવતાનાં અપ્રતિમ ઉદારણ છે. તેમણે અહિંસા અને વિશ્વ ભારતી સંસ્થા દ્વારા વિશ્વમાં શાંતિ, સ્વાસ્થ્ય, સદભાવના, સમૃદ્ધિ દ્વારા માનવતાને વધાવી છે. વરિષ્ઠ નાગરિક તથા કેસરી કલબનાં ચેરપર્સન શ્રીમતી કિરણ ચોપડાએ આચાર્ય લોકેશજીનાં ષષ્ઠીપૂર્તિ વર્ષ પર તેમનાં દીર્ઘાયુષ્યની પ્રાર્થનાં કરતા કહ્યું કે ગ્લોબલ વોર્મિંગ, જળવાયુ પરિવર્તન જેવા વિષયો પર સમગ્ર વિશ્વમાં જન જાગૃતિ ફેલાવી છે. આચાર્ય ગુણધરનંદીજીએ કહ્યું કે આચાર્ય લોકેશજીએ સંયુક્ત રાષ્ટ્ર સંઘ અને વિશ્વ ધર્મ સંસદ જેવા પ્રતિષ્ઠિત સ્થાનોથી પર્યાવરણ તથા અહિંસાનો પ્રચાર કર્યો છે. જે માટે એક દિગંબર જૈન આચાર્ય દ્વારા શ્વેત અંબર સંતને વિશ્વ રાજઋષિની પદવીથી સન્માનિત કરવામાં આવે છે જે જૈન એકતા તથા સમન્વયનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. જીતો જીયોનાં સંસ્થાપક નયપદ્મસાગરજીએ જણાવ્યું કે ભગવાન મહાવીર દ્વારા જે સંયમનાં પાઠ શીખવવામાં આવ્યા છે તે ખરેખર ઉત્તમ છે અને આચાર્યજીએ ભગવાન મહાવીર અને જૈન દર્શનને વિશ્વભરમાં પ્રસારિત કર્યું છે. આચાર્ય પુલકસાગરજીએ પોતાનાં વક્તવ્યમાં જણાવ્યું કે જેવી રીતે આચાર્યજીએ ધર્મને સમાજ સેવા સાથે જોડ્યું છે તેના દ્વારા સામાજિક દુષણોને દુર કરવામાં સફળતા પ્રાપ્ત થઈ છે જેને શબ્દોમાં વ્યક્ત કરવું સંભવ નથી આ માટે તે અત્યંત આનંદની લાગણી અનુભવે છે. આચાર્ય ગુપ્તીનંદીજીએ




કહ્યું કે અશાંત વિશ્વમાં જો કોઈ શાંતિ લાવી શકે છે, હિંસા અને આતંકવાદથી દુનિયાને મુક્તિ આપી શકે તે ભગવાન મહાવીરનું અહિંસા અને અનેકાંતનું દર્શન છે અને આચાર્ય ડૉ. લોકેશજી તે દર્શનને છેલ્લા ૩૮ વર્ષોથી વિશ્વભરમાં પ્રસારિત કરવાનાં પ્રયાસોમાં છે. રાષ્ટ્રસંત લીલિતપ્રભજી ચંદ્રપ્રભજીએ કહ્યું કે આચાર્ય લોકેશજી માટે તેમની રાષ્ટ્ર ભક્તિનાં ઉદારહરણો ગણ્યા ગણાય તેમ નથી. તેઓ નર સેવા થકી નારાયણ સેવા કરનારા સંત છે જેઓ માનવતા, સમાજ અને રાષ્ટ્ર સાથે કાયમી જોડાણ રાખે છે. હિંદુધર્માચાર્ય સ્વામી દીપાંકરજીએ કહ્યું કે આચાર્ય લોકેશજીએ વૈશ્વિક સ્તર પર ભારતીય સંસ્કૃતિનો પ્રચાર-પ્રસાર કર્યું છે અને જે દ્વારા દેશને ગૌરવાન્વિત કર્યું છે. સ્વામી અભયદાસજીએ કહ્યું કે આચાર્ય લોકેશજી કોઈ પણ કાર્ય કાયમ ઉર્જાથી કરે છે. તેઓ બધા જ ધર્મોને સંતુલિત કરવા માટે કાયમી પ્રયાસો પણ કરે છે. અહિંસા વિશ્વ ભારતીનાં સંસ્થાપક આચાર્ય ડૉ લોકેશજીએ સર્વે મહાનુભાવોનું વિશ્વ રાજઋષિની પદવી આપવા બદલ અભિવાદન કરીને કહ્યું કે આ સમયે માનવતાની સુરક્ષા કરવા માટેનો છે. તે માટે દરેક માણસને બચાવવાનો સંભવ પ્રયાસ કરવાનો છે જેથી રાષ્ટ્રમાં એકતા સ્થાપી શકાય. આ અવસર પર ભારતવર્ષીય તીર્થ ક્ષેત્ર કમિટીનાં અધ્યક્ષશ્રી શિખરચંદ પહાડીયા, અખિલ ભારતીય જૈન કોન્ફરન્સનાં વરિષ્ઠ ઉપાધ્યક્ષ સમાજરત્ન સુભાષ ઓસવાલ, દિગંબર જૈન મહાસમિતિનાં અધ્યક્ષ શ્રી મણીન્દ્ર જૈન, શ્રી રવિ જૈન, તરુણ મિત્ર પરિષદનાં અધ્યક્ષ શ્રી મનોજ જૈન સહિત ઉપસ્થિત તમામ મહાનુભાવોએ આચાર્ય લોકેશજીને ષષ્ઠીપૂર્તિ વર્ષ અને વિશ્વ રાજઋષિની પદવી માટે અભિવાદન આપ્યા. આ કાર્યક્રમનું આયોજન વેબિનાર દ્વારા થયું હતું જેનું સંચાલન નવગ્રહ તીર્થ કર્ણાટક અને અખિલ ભારતીય જૈન સમાજનાં કાર્યકર્તાઓએ કર્યું હતું.

## પાંચ વર્ષ આપણી સરકારના પાંચ વર્ષ સૌના સાથના સૌના વિકાસના

# સેવા સેતુ કાર્યક્રમ થકી જનસુખાકારીના લાભ કરોડો લોકો સુધી પહોંચાડવાનું મહાઅભિયાન સરકારે હાથ ધર્યું છે :- શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમા

કોરોનાકાળમાં નોંધારા બનેલ બાળકોને સધિયારો આપી વિજયભાઇના નેતૃત્વની સંવેદનશીલ સરકારે સંવેદનશીલતાની ખરા અર્થમાં પ્રતિતી કરાવી છે

રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીના નેતૃત્વના ઓગસ્ટ માસમાં પાંચ વર્ષ પૂર્ણ થાય છે. જે નિમિત્તે આજે સમગ્ર રાજયમાં ''સંવેદના દિવસ''અંતર્ગત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

અમદાવાદ જિલ્લામાં ધોળકા ખાતે જિલ્લા કક્ષાના સંવેદના દિન કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું . આ કાર્યક્રમમાં શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાંએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી.

શિક્ષણ મંત્રી શ્રી એ રાજયના મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીને તેમના જન્મદિનના દિવસે દીર્ઘાયુ માટેની પ્રાર્થના કરી શુભેચ્છા પાઠવી હતી.

શિક્ષણ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ કહ્યું કે, ૭ મી ઓગસ્ટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળ સરકાર પાંચ વર્ષ પૂર્ણ કરવા જઇ રહી હોવાથી ઉજવણી નહીં પરંતુ સેવાયજ્ઞની શરૂઆત કરી છે.

તેઓએ વિશેષમાં કહ્યું કે, અગાઉ આ પ્રકારના કાર્યક્રમ ક્યારેય થયા નથી માટે વિજયભાઇના નેતૃત્વ હેઠળની સંવેદનશીલ અને નિર્ણાયક સરકાર દ્વારા પ્રજાની વચ્ચે જઇને કાર્યસિધ્ધિનો યજ્ઞ કરી વિવિધ લોકાર્પણ અને ખાતમૂહૂર્તના જનહિતલક્ષી કાર્યો કરવામાં આવનાર છે જે ક્ષણ ઐતિહાસિક બની રહી છે.

આવતીકાલે ૩ ઓગસ્ટના રોજ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી પણ રાજયના ૧૭ હજાર સસ્તા અનાજના દુકાન ધારકો સાથે વર્ચ્યુઅલ માધ્યમથી જોડાશે.

તેઓએ ઉમેર્યુ કે, જનતાના પ્રતિનિધિ હંમેશા જનતા વચ્ચે જ રહે છે. પ્રજાએ અમારા પ્રતિનિધિઓમાં જે વિશ્વાસ મૂકીને મત આપ્યા છે અને મત માંગતી વખતે સરકારે જ વાયદા કર્યા છે તે વાયદા જનતા એ આપેલા મતના વળતર સ્વરૂપે વિકાસ કરીને સરકારે પૂર્ણ કર્યા છે.

૯ દિવસના સેવાયજ્ઞના ભાગરૂપે આજે સમગ્ર રાજયમાં સંવેદના દિવસ સંદર્ભે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. વર્ષ ૨૦૧૬ માં મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા જનસુખાકારી માટે શરૂ કરવામાં આવેલ સેવા-સેતુ કાર્યક્રમોએ અત્યારસુધીમાં કરોડો નાગરીકોની જન સુખાકારીમાં વધારો કર્યો છે.

નાગરિકોને સરકારી કચેરીના ધક્કા ખાવા ન પડે , ઘર આંગણે જ સરકારી તમામ સેવાઓ ઉપલબ્ધ થાય તે પ્રકારના આયોજન સાથે સેવા-સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે.

જન્મ-મરણના દાખલા, ૭-૧૨, ૮-એ ના ઉતારા જેવા વિવિધ ૫૭ જેટલા સરકારી દસ્તાવેજોની અરજીઓનો નિકાલ એક જ સ્થળેથી થાય તે પ્રકારનું સુદ્રઢ આયોજન સેવા-સેતુ કાર્યક્રમના મારફતે કરવામાં આવે છે. જેનો લાભ નાગરિકોએ મોટી સંખ્યામાં લીધો છે.

સંવેદના દિવસના દિને સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરીને સરકારી સેવાઓનો લાભ જન-જન સુધી પહોંચાડીને સરકારે જન સુખાકારીનું મહા અભિયાન હાથ ધર્યું છે.

કોરોનાકાળમાં પણ સરકારે ગરીબ, મજૂરીયાત વર્ગ, શ્રમિક વર્ગ પ્રત્યે સંવેદના દાખવીને તેમના માટે વિનામૂલ્યે અનાજની વ્યવસ્થા કરી હતી. કોરોના કાળમાં રાજ્ય સરકારની સાથે , સ્વૈચ્છિક સંસ્થાઓ, ધાર્મિક સંસ્થાઓના સમન્વય અને સહિયારા પ્રયાસો થી કોરોનાના કારણે મોટી જાનમાલની હાનિથી બચી શક્યા છીએ.




કોરોના કાળમાં માતા-પિતા બેય ગુમાવનારા અને માતા અથવા પિતા ગુમાવનારા નોંધારા બનેલ બાળકો માટે મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ વિશેષ સંવેદના દાખવી છે. આવા અનાથ અને નિરાધાર બાળકોના કારકિર્દી ઘડતર થી લઇ ભરણપોષણની જવાબદારી એક વાલી બનીને સરકારે પોતાના શિરે ઉપાડી છે. નિરાધાર બનેલા બાળકો ને ૪૦૦૦ અને ૨૦૦૦ રૂપિયાની સહાય આપીને સરકારનો સધિયારો આપવાનો પ્રયાસ છે.

ધોળકા ખાતેના ''સંવેદના દિન'' જિલ્લા કક્ષાના કાર્યક્રમમાં ધોળકા નગરપાલિકા પ્રમુખ શ્રી હિનાબેન ત્રિવેદી, અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રી સંદિપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનિલ ધામેલીયા, નગરપાલિકા ઉપપ્રમુખ શ્રી અજયભાઇ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી શાંતિભાઇ લકુમ સહિત ધોળકા તાલુકાના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

અમિતસિંહ ચૌહાણ

## ઈડર તાલુકાના ઠાકોર સમાજના આગેવાનો વતી વૃક્ષા રોપણનો કાર્યક્રમ યોજાયો



ઈડર ગઢ મુકામે વૃક્ષારોપણનો કાર્યક્રમ રાખવામાં આવ્યું અને એના પછી અંકલા ગામ મુકામે ઠાકોર સમાજ ના શિક્ષણ સેવા સંગઠન માટે મિટિંગનું આયોજન કરવામાં આવ્યું અને ત્યાર બાદ અંકાલા મુકામે વૃક્ષારોપણ કાર્યક્રમ રાખવામાં આવ્યો આ કાર્યક્રમમાં ઠાકોર સમાજના અગ્રણીઓ પ્રમુખ શ્રી પ્રકાશભાઈ ઠાકોર ,ઉપપ્રમુખ શ્રી નરેશભાઈ એમ ઠાકોર (રીટાયર્ડ આર્મી) અને અલ્પેશભાઈ ઠાકોર શરાફી મંડળી પ્રમુખ પ્રતાપજી ઠાકોર, ઉપ પ્રમુખ દીવાનજી ઠાકોર ,મંત્રી વિષ્ણુજી ઠાકોર ,ખજાનચી નિકુલ સિંહ,સહમંત્રી પ્રકાશભાઈ ઠાકોર અંકાલા,કારોબારી સભ્યો ધુરાજી ઠાકોર ,અલ્પેશ ઠાકોર (ગોલવાડા),ભીમસેન ઠાકોર કરણસિંહ ઠાકોર ,મગનજી ઠાકોર ,દિપક ઠાકોર સાબલી ,પરેશ ઠાકોર ચિત્રોડા સુનિલ ઠાકોર,કચરાજી ઠાકોર ,પંકજ ઠાકોર વીરપુર પ્રકાશભાઈ બી ઠાકોર, અને નામી અનામી ઠાકોર સમાજ ના યુવાનો ની ઉપસ્થિત માં રહીને કાર્યક્રમને સફળ બનાવ્યો.

માલજીભાઈ દેસાઈ સાબરકાંઠા

## ધોળકા તાલુકા પંચાયતના નવનિર્મિત બિલ્ડીગની શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ મુલાકાત લીધી



શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ ધોળકા તાલુકા પંચાયતના નવનિર્મિત બિલ્ડીગની મુલાકાત લીધી હતી.

મુલાકાત વેળાએ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ બિલ્ડીગમાં ઉપલબ્ધ સુવિધાઓ અને નાગરિકો માટેની સેવાઓથી શિક્ષણમંત્રીશ્રી પ્રભાવિત થયા હતા. શિક્ષણ મંત્રીશ્રી એ તાલુકા પંચાયત કેમ્પસમાં વૃક્ષારોપણ કરીને પ્રકૃતિના જતનનો સકારાત્મક સંદેશો નગરજનોને આપ્યો હતો.આ વૃક્ષારોપણમાં અમદાવાદ જીલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયા પણ જોડાયા હતા.

જીલ્લા વિકાસ અધિકારીશ્રીએ નવનિર્મિત બિલ્ડિંગ ધોળકા તાલુકાજનોની જન સુખાકારીમાં વધારો કરશે તેવો ભાવ પ્રગટ કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય બાબત છે કે, ૨.૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલ તાલુકા પંચાયતનું નવીન બિલ્ડીંગ તમામ અત્યાધુનિક સુવિધાઓથી સજ્જ છે. કોન્ફરન્સ હોલ થી લઇ અધિકારી, કર્મચારીઓ માટેની અલાયદી બેઠક વ્યવસ્થા ધરાવતું આ બિલ્ડીગ શિક્ષણ મંત્રી અને ધોળકા વિધાન સભાના ધારાસભ્ય શ્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાંના પ્રયત્નોથી ખૂબ જ ઝડપભેર તૈયાર થઇને લોકોની સેવામાં ખૂલ્લુ મુકાયું છે.

-અમિતસિંહ ચૌહાણ

## સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના ભંડવાલ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી ના આજે જન્મદિવસે નિમિત્તે આજે વડાલી તાલુકાના સંવેદના કાર્યક્રમ ભંડવાલ ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

આ પ્રજા સેતુ કાર્યક્રમ માં સરકારની વિવિધ પ્રકારની યોજનાઓ જેવીકે આવકનો દાખલો જાતિનો દાખલો જન્મ મરણ નો દાખલો આધારકાર્ડ ચૂંટણીકાર્ડ રેશનકાર્ડ બેંક ના નવા ખાતા ખોલવા આવી ૫૭ જેટલી યોજનાઓ ની ભંડવાલ ગામ ના આજુબાજુ ના ૧૧ જેટલા ગામો ને આ સેવા સેતુ કાર્યક્રમનો લાભ લિધો હતો.

આ કાર્યક્રમમાં ઉપસ્થિત ગુજરાત પૂર્વ વિધાનસભાના અધ્યક્ષ માનનીય શ્રી રમણભાઈ વોરા સાહેબ ઉપસ્થિત રહ્યા હતા અને સાથે સાથે વડાલી તાલુકાના ભાજપ પ્રમુખ જતિભાઈ પટેલ




વડાલી તાલુકા પંચાયત. ના પ્રમુખ બાબુભાઈ જિલ્લા પંચાયતના ચેરમેન કાન્તીભાઈ પટેલ અને વડાલી તાલુકાના પ્રાંત અધિકારી સાહેબ વડાલી . તાલુકા વિકાસ અધિકારી ગામના આગેવાનો સરપંચો .તલાટી.

સિ.ડિ.પી.ઓ.વડાલી.સુપરવાઈઝર બહેનો . આગણવાડી .કાર્યકર.તેડાગર. બહેનો હાજર રહ્યા હતા. અને મોટી સંખ્યામાં લાભાર્થીઓ વિવિધ પ્રકારની યોજનાઓ ના લાભ લેવા જોવા મળ્યા હતા સાથે સાથે મંદિર અંદર વૃક્ષારોપણ નો કાર્યક્રમ કરવામાં આવ્યું હતું અને ૧૫માં નાણાપંચના રોડનું જૂની ભંડવાલ ગામે સીસી રોડ નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું કરવામાં આવ્યું હતુ

આ સેવાસેતુ પોગ્રામ ભંડવાલ ગામના સરપંચ નરેશભાઈ અને તલાટી.પરેશ ભાઈ ભારે જહેમત ઉઠાવી ને પોગ્રામ સફર કર્યો. હતો.

માલજીદેસાઈ સાબરકાંઠા

## મોડાસાના ભામાશા હોલ ખાતે મહેસુલ મંત્રીશ્રીની ઉપસ્થિતિમાં ''અન્નોત્સવની દિવસ''ની કરાશે

મહેન્દ્ર પટેલ અરવલ્લી બ્યુરો મઠવાસ

રાજ્ય સરકારના પાંચ વર્ષના ઉજવણી સંદર્ભે આજરોજ એટલે ૩જી ઓગસ્ટના રોજ સમગ્ર ગુજરાતમાં ''અન્નોત્સવની દિવસ'' ની ઉજવણીઓ થઇ રહી છે.

જેમાં દેશમાં ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની અધ્યક્ષાતામાં (વિના મુલ્યે અનાજ વિતરણ અને લાભાર્થીઓ સાથે સીધો સંવાદ કાર્યક્રમ યોજાશે. જેમાં રાજયના તમામ ૧૭,૦૦૦ ''પંડિત દિન દયાળ ગ્રાહક ભંડાર ખાતે ઉત્સવપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરાશે.

જે અંતર્ગત આ નિમિત્તે અરવલ્લીના જીલ્લાના મોડાસાના ભામાશા હોલ ખાતે સવારે ૧૧.૩૦ કલાકે ''અન્નોત્સવની દિવસની'' ઉજવણી મહેસુલ મંત્રીશ્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરાશે. જેમાં અરવલ્લી પુરવઠા વિભાગ દ્વારા ૩૯૬ વ્યાજબી ભાવની દુકાનો ૨૫ લાભાર્થીઓને પ્રધાનમંત્રી અન્ન સુરક્ષા યોજના હેઠળ અનાજનું વિતરણનું આયોજન કરાશે.

જેમાં અરવલ્લી જીલ્લાના 1,56,000 NFSA રેશનકાર્ડ કુટુંબોને ''પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના'' અંતર્ગત ૫ કિલો નિઃશુલ્ક અનાજનું વિતરણ કરાશે.

આ પ્રસંગે જીલ્લા કલેકટરશ્રી નરેન્દ્રકુમાર મીના, જીલ્લા વિકાસ અધિકારીશ્રી શ્વેતા તેવટિયા , જીલ્લા અધિક નિવાસી કલેકટરશ્રી પ્રદીપસિંહ રાઠોડ, જીલ્લા પુરવઠા અધિકારીશ્રી, મામલતદારશ્રી ગઢવી અધિકારીશ્રીઓ તથા લાભાર્થીઓ ઉપસ્થિતિ રહેશે.

## સાણંદ તાલુકાના ચેખલા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

સંવેદના દિવસના ભાગરૂપે અમદાવાદ જીલ્લાના સાણંદ તાલુકાના ચેખલા ગામે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.જેમા રાજય સરકારના ૧૩ વિભાગોની ૫૭ સેવાઓનો લાભ ઘર આંગણે મળી રહે તે હેતુથી સરકાર સમગ્ર રાજયમા સેવા સેતુ કાર્યક્રમ યોજાયો હતો.

જન્મથી મૃત્યુ સુધી રાજય સરકારની અનેક યોજનાઓનો લાભ એક સ્થળ પરથી મળી રહે તેમજ લોકોના પ્રશ્નોને ઉકેલી પરિવર્તન લાવવા માટે રાજય સરકાર સંકલ્પબદ્ધ છે. આ પ્રસંગે સાણંદ પ્રાંત અધિકારીશ્રી, તાલુકા વિકાસ અધિકારીશ્રી, મામલતદારશ્રી, તાલુકા પંચાયત પ્રમુખશ્રી, જીલ્લા પંચાયત સદસ્યશ્રી, તલાટીશ્રીઓ, સરપંચશ્રી, વિવિધ વિભાગોના અધિકારીશ્રીઓ, આગેવાનો અને લાભાર્થી ઉપસ્થિત રહ્યા હતા.

મનીષા પ્રધાન

## ઇડર નાગરિક સહકારી બેક્ર ની ચૂંટણી ની જાહેરાત થતા ઇડરનું વાતાવરણ ગરમાયુ

ઈડર નાગરિક સહકારી બેક્ર ની ચૂંટણી ની જાહેરાત થતા જ સોસીયલ મીડિયાના વાતાવરણમાં ગરમાવો આવી ગયો છે બેક્ર દ્વારા ડિરેક્ટરો ની સમય મર્યાદા પૂર્ણ થતાં કોરોના મહામારી વચ્ચે ચૂંટણી યોજવાની તૈયારીઓ બેક્ર ના બોર્ડ ઓફ ડિરેક્ટરો દ્વારા શરૂ કરવામાં આવી છે અને બેક્ર દ્વારા જિલ્લા રજીસ્ટરમાં પણ આ અંગે લેખિતમાં જાણ કરી મંજૂરી મંગવામાં આવી છે પરંતુ હજુ સુધી કલેકટર ની મંજૂરી આપવામાં આવી નથી તેમ છતાં બેક્ર દ્વારા અખબારમાં જાહેરાત કરી ને આવનારી ૨૮ ઓગસ્ટ ના રોજ ચૂંટણી યોજવાની તૈયારીઓ શરૂ કરી દીધી છે પરંતુ હવે એવું પણ લાગી રહ્યું છે કે આ ચૂંટણી ઘોંચ માં પડી શકે તેમ છે કેમ કે વહીવટી તંત્રની મંજૂરી વગર બેક્ર માં બોર્ડ ડિરેક્ટરો દ્વારા ઠરાવ કરી ને જાહેરાત આપી દેવાઈ છે પણ જિલ્લા રજીસ્ટર કે કલેકટર દ્વારા હજુ મંજૂરીની મહોર મરાઈ નથી તેમ છતાં બેંકના કેટલાક ડિરેક્ટરો કોણ જાણે કેમ નિયમો ની એસીતેસી કરી મતદારોમાં જે ભ્રમણાં ફેલાવી રહ્યા છે તે જોતા હવે પછી યોજાનાર આ ચૂંટણી સ્થાનિક પ્રજા માટે ખૂબ જ દિલચસ્પ સાબિત થવાની શક્યતા નકારી શકાતી નથી આવી રીતે તો બેક્ર હવે કેવી રીતે ચૂંટણી યોજશે સાથે જ વહીવટી તંત્રના ઉપરવટ જઈ ને બેક્ર ચૂંટણી યોજવાની તૈયારીઓ શરૂ કરી બેઠી છે સાથે જ બેક્ર ના એક પૂર્વ ડિરેકટર અને ચેરમેન હરીશ ગુર્જર દ્વારા સોસીયલ મીડિયામાં મતદારો જોગ અપીલ કરી બેંકમાં થયેલ ભરતી કૌભાંડો અને અન્ય કૌભાંડો પ્રજા સમક્ષ સોસીયલ મીડિયા માધ્યમથી ખુલ્લા મુકવામાં આવ્યા છે ત્યારે હવે જોવું રહ્યું કે ચૂંટણી આવતા હજુ કેવા પ્રકારના વળાંકો આવે છે તે આવનાર સમય જ બતાવશે જોકે હાલ તો ઇડર નાગરિક બેક્ર ની ચૂંટણી ટોક ઓફ ઘ ટાઉન બની રહી છે

માલજીદેસાઈ સાબરકાંઠા

## ધંધુકા ખાતે સેવા સેતુ કાર્યક્રમ યોજાયો

રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના નેતૃત્વ હેઠળની સરકારને પાંચ વર્ષ પૂર્ણ થતાં રાજયના નાગરિકોને રાજયની સેવાઓનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે તે માટે અનેકવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં દ્રિતિય દિવસે ''સંવેદના દિવસ''ના ભાગરૂપે અમદાવાદ જીલ્લાના ધંધુકા ખાતે ધ બિરલા એન્ડ હરજીવનદાસ હાઈસ્કુલમા અને તાલુકાના ગુંજાર ગામે ''સેવા સેતુ'' કાર્યક્રમ યોજાયો હતો.

સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રીની સરકારના ૧૩ વિભાગોની ૫૭ જેટલી યોજનાઓનો લાભગ્રામ્ય કક્ષાએ ઘર આંગણે મળી રહે તે પ્રકારે આયોજન કરી સરકાર લોકોના દ્વારે આવે છે. જન્મથી મૃત્યુ સુધી રાજય સરકારની અનેક યોજનાઓનો લાભ એક સ્થળ પરથી મળી રહે તેમજ લોકોના પ્રશ્નોને ઉકેલી પરિવર્તન લાવવા માટે રાજય સરકાર સંકલ્પબદ્ધ છે.

## પાટણ - અમદાવાદ ની ડેમુ ફરી ચાલુ કરવા સ્ટેશનને નવું બનાવવા સહિતના પ્રશ્નો રજૂ કરાયા



પાટણના રેલ્વેને લગતા પ્રશ્નોની રેલવેના ઉચ્ચ અધિકારીઓ? સમક્ષ રજુઆતો કરવામાઆવી પશ્ચિમ રેલવેની ડિવિઝન કચેરી અમદાવાદ ખાતે ગુજરાત પશ્ચિમ રેલ્વે સલાહકાર બોર્ડની બેઠક યોજાઈ હતી આ બેઠકમાં બોર્ડના ડિરેક્ટર અને પાટણ નાગરિક બેંકના ચેરમેન સુરેશભાઈ પટેલ પણ ઉપસ્થિત રહેલ

આ બેઠકમાં રેલવે બોર્ડના જનરલ મેનેજર દિપકભાઈ કુમાર ઝા સમક્ષ તેમણે પાટણના રેલવે યાત્રિકો માટે સુવિધા આપવા , પાટણથી ઉપડતી ટ્રેનોમાં વધારો કરવા, તેમાં જરૂરી ફેરફારો કરવા સહિતની ચર્ચાઓ કરી હતી સૂચનો અને માર્ગદર્શન પણ આપવામાં આવ્યું હતું આ બેઠકમાં પાટણના રેલ્વે સ્ટેશનને અદ્યતન સુવિધાસજ્જ બનાવવા, અઠવાડિયામાં એકાદ પાટણથી મુંબઈ ની ટ્રેન

આપવી જેથી પાટણને ટીકીટ ક્વોટા વધારે મળે

પાટણ અમદાવાદ ની બંધ ટ્રેન ફરીથી ઝડપથી ચાલુ કરવા રજુઆત કરેલ .આ ઉપરાંત પાટણ ભીલડી રેલવે લાઇન પરની કેટલીક રેલ્વે ફાટકો પૈકી હિન્દુ સ્મશાનભૂમિ ,ખાલકશાપીર અને તેનાથી આગળનું એક એવા કેટલાક રેલવે ફાટકોને લોકો અને વાહનવ્યવહાર ની અવરજવર માટે ચાલુ રાખવા રજુઆત કરેલ

રજૂઆતો અંગે રેલવે અધિકારીએ તેમને હકારાત્મક પ્રતિસાદ આપેલ અને ડેમુ ટ્રેનો જલ્દી ચાલુ કરવાની ખાત્રી આપેલ અને નવા રેલવે સ્ટેશન માટે ઉચ્ચ સ્તરે ચર્ચા ચાલી રહી છે તેનો પણ ઝડપી નિકાલ કરવાની ખાત્રી આપેલ આ બેઠકમાં વીસ જેટલા અધિકારીઓ ઉપસ્થિત રહેલ

## અમદાવાદ શહેરમાં દરેક દુકાન દીઠ 'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ ૫૦ જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે અનાજનો જથ્થો વાજબી ભાવની દુકાનેથી અપાશે

'પાંચ વર્ષ આપણી સરકારના-સૌના સાથથી, સૌના વિકાસના'કાર્યક્રમ અંતર્ગત ૩જી ઓગષ્ટના રોજ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ અનાજ વિતરણ કાર્યક્રમ યોજાનાર છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી રાજ્યના ૧૭ હજાર પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગ્રાહક ભંડાર પરથી ૪.૨૫ લાખ ગરીબ-અંત્યોદય પરિવારોને વ્યકિત દિઠ ૫ કિલો અનાજ કિટ વિનામૂલ્યે વિતરણ કરવાના છે. આ રાજયવ્યાપી કાર્યક્રમ અંતર્ગત અમદાવાદ શહેરની દરેક દુકાન દીઠ 'રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩'(એન.એફ.એસ.એ.) હેઠળ સમાવિષ્ટ ૫૦ જેટલા લાભાર્થીઓને વિનામુલ્યે અનાજનો જથ્થો વાજબી ભાવની દુકાનેથી અપાશે.

પાંચ વર્ષ પુર્ણ થવા નિમિત્તે યોજાનાર 'અન્ન વિતરણ'કાર્યક્રમ અન્વયે દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી ''સર્વને અન્ન, સર્વને પોષણ'' અંતર્ગત વર્ચ્યુઅલ માધ્યમથી જોડાશે

અમદાવાદ મ્યુનિસિપલ કોર્યોરેશનની હદ વિસ્તારમાં સમાવિષ્ટ કુલ-૪૮ વોર્ડને આવરી લઈ લાભાર્થિઓને લાભાન્વિત કરાશે. રાજયના શિક્ષણમંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા પ્રિતમપુરા ગુજરાતી શાળા નં-૩ કાનજી નગર રચના સ્કુલ પાસે શાહીબાગ ખાતે ઉપસ્થિત રહેનાર છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદ મહાનગરપાલિકામાં કુલ-૪૮માં શહેરનાં ધારાસભ્યશ્રીઓ અમાદાવાદના મેયરશ્રી, ડેપ્યુટી મેયરશ્રી,વિવિધ કમિટિના ચેરમેનશ્રીઓ અલગ-અલગ કાર્યક્રમોમાં ઉપસ્થિત રહેનાર છે. આ કાર્યક્રમ અંતર્ગત શહેરની તમામ ૮૫૮ વાજબી ભાવની દુકાનો પણ આ કાર્યક્રમમાં જોડાનાર છે. જેમાં દુકાનથી NFSAનાં કાર્ડ હોલ્ડર લાભાર્થીઓને પ્રતિકાત્મક રીતે અનાજનું વિતરણ કરવામાં આવનાર છે. આ દુકાનોએથી પણ વડા પ્રધાનશ્રી અને મુખ્યમંત્રીશ્રીનું સંબોધન જોઈ શકાય તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. અત્રે એ ઉલ્લેખનીય છે, અમદાવાદ શહેર વિસ્તારમાં કુલ-૩,૫૪,૬૫૭ કાર્ડધારકો NFSA હેઠળ 'પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના' હેઠળ વિનામૂલ્યે અનાજ મેળવવાની પાત્રાતા ધરાવે છે. જેની જનસંખ્યા ૧૮,૭૮,૦૭૧ છે. રાજય સરકારની જોગવાઇ મુજબ એન.એફ.એસ.એ. કાર્ડધારકોને અપાતા નિયમિત જથ્થા ઉપરાંતનો આ જથ્થો છે. નિયમિત જથ્થો સરકાર દ્વારા વખતોવખત થતી સુચનાઓ મુજબના વાજબીભાવે જથ્થો અપાય છે તેમ અન્ન નિયંત્રક શ્રી જશવંત જેગોડાએ એક યાદીમાં જણાવ્યું છે...

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.